For Community Only

# નમસ્કાર ગુજરાત

USA Edition | Year 3 | Issue 29 | Saturday 23 March 2024 | Page 12

Editor-in-chief **Hiren Vyas** | Executive Editor **Nirav Govani** | Published by news online inc. (Weekly)

read epaper... newsonlinelive.tv



Gadgets ગુરૂ
Lexus LM 350h MPV ભારતમાં લોન્ચ... 4

ગુજરાતમાંથી ભાજપને કરોડોનું દાન મળ્યું... 7



પુલકિત સમ્રાટની દુલ્હન બની કૃતિ ખરબંદા, કપલના લગ્નની પહેલી તસવીર... 10

## 10 સૌથી મોટા રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ...




1) TECHNOLOGY...
2) NATURE...
3) COMMUNITY...
4) SUSTAINABILITY...
5) LIVABILITY...

- ગ્રાઉન્ડ લેવલ પર કોઈ ગાડી નહીં ચાલે
- ભીડભાડવાળા કોઈ રસ્તા નહીં હોય
- જરૂરિયાતની વસ્તુઓ 5 મિનિટના અંતરે મળશે
- 1 ખૂણાથી બીજા ખૂણામાં 20 મિનિટમાં પહોંચાશે
- જગ્યા સંપૂર્ણ કુદરતી સુંદરતાથી ભરપૂર હશે
- રિન્યુએબલ એનર્જીથી સંચાલિત શહેર
- દિલ્લીથી લગભગ 17 ગણો મોટો પ્રોજેક્ટ

“ સિંદલાહ લાલ સમુદ્રમાં નિયોમનું પ્રથમ વૈભવી ટાપુ અને યાટ ક્લબ ડેસ્ટિનેશન હશે. જે લાલ સમુદ્રને એક મનોહર પ્રવેશદ્વાર પ્રદાન કરશે. જે પ્રવાસીઓ નિયોમ અને સાઉદી અરેબિયાની સાચી સુંદરતાનો અનુભવ કરી શકશે. » મોહમ્મદ બિન સલમાન



### દુબઈમાંથી પ્રેરણા લઈને MBSએ બનાવ્યો મોટો પ્રોજેક્ટ...

# સાઉદીનું રૂપિયા 41 લાખ કરોડના ખર્ચે આકાર લઈ રહેલું ‘નિયોમ’




## 500 બિલિયન ડોલરના ખર્ચે સાઉદી અરબની બદલાઈ જશે સિકલ

■ સ્પેશિયલ સ્ટોરી

નિયોમ ડેવલપમેન્ટમાં સૌથી જાણીતો અને સૌથી મોટો પ્રોજેક્ટ ‘ધ લાઈન’ છે.આ સિવાય નિયોમમાં ‘ઓક્સાગોન’, ‘ટ્રોજેના’, ‘સિન્દાલાહ’, ‘લેજા’, ‘એપીકોન’, ‘સિરાન્ના’, ‘ઉટામો’, ‘નોર્લાના’, ‘એક્વેલમ’ અને ‘ઝેનોર’ નામના શહેરો પણ હશે. દુબઈ એક સમયે વિશ્વના કોઈપણ સામાન્ય શહેર જેવું જ હતું. પરંતુ, શેખના સપનાએ રણમાં ગુલાબ ખીલવ્યું અને આજે દુબઈ વિશ્વનું સૌથી મોટું રિયલ એસ્ટેટ માર્કેટમાંનું એક છે. દુબઈ પરથી પ્રેરણા મેળવીને સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાને 500 બિલિયન ડોલરના ખર્ચે ફ્યુચર પ્રોજેક્ટ સિટી ‘નિયોમ’ બનાવવાનો નિર્ણય કર્યો છે. ગ્રીક અને અરબીના મિશ્રણ એવા નિયોમનો મતલબ નવું જીવન થાય છે. આ સિટી સાઉદી અરેબિયાને વિશ્વના ટોચના દેશમાં સ્થાન અપાવવા માટે સક્ષમ છે. ઉત્તર પશ્ચિમ સાઉદી અરેબિયામાં આકાર લઈ રહેલો આ મેગા પ્રોજેક્ટ 26,500 સ્કેવર કિલોમીટરથી વધુ વિસ્તારને આવરી લેશે. આ પ્રોજેક્ટ માત્ર ભૌગોલિક સ્થાન કરતાં ઘણું વધારે છે.

## વિશ્વનો સૌથી મોટો રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ હોવાનો સાઉદીનો દાવો

**લાઈન પ્રોજેક્ટ** ધ લાઈન પ્રોજેક્ટમાં 170-કિલોમીટર લાંબા શહેરનો પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. લાઈન પ્રોજેકટમાં આખું શહેર બે 500 મીટર ઊંચી સમાંતર હાઈરાઈસ બિલ્ડિંગ્સમાં પ્લાન કરવામાં આવ્યું છે. આ બંને ઈમારતો એકબીજાથી 200 મીટરના અંતરે હશે. જેમાં બહારની તરફ અરીસા લગાવેલા હશે. આ પ્રોજેકટને અમેરિકન આકટેક્ચર સ્ટુડિયો મોર્ફોસિસ દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યો છે. જ્યારે, અસંખ્ય અન્ય આકટેક્ટ્સે શહેરના 800-મીટર-લાંબા પાર્ટને ડિઝાઈન કર્યા છે. મોર્ફોસિસના સ્થાપકે કહ્યું હતું કે, એવી કોઈ વ્યક્તિ નથી જે આ પ્રોજેક્ટનો ભાગ બનવા ન માંગતી હોય. જ્યારે, કૂક હેફનર આકટેક્ચર પ્લેટફોર્મના સહ-સ્થાપક કૂકે કહ્યું હતું કે, જો આ પ્રોજેકટ સફળ થશે, તો તે એક નવું બેબીલોન બનશે.

**સિરાન્ના** નિયોમે આ વર્ષે જ ઉત્તર પશ્ચિમ સાઉદી અરેબિયામાં વેકેશન માટેનું નવુ સ્પોટ સિરાન્ના રજૂ કર્યું છે. ઈનોવેશન અને લકઝરીના સમન્વય સમાન સિરાન્નામાં આર્કિટેક્ટે પર્યાવરણને બચાવવા ધ્યાન કેન્દ્રીત કર્યું છે. અહીં, પર્વતો અને જંગલ વિસ્તાર જેવો વિસ્તાર બનાવવામાં આવશે. આ સાથે જ તાજેતરમાં સાઉદી ક્રાઉન પ્રિન્સે ગોલ્ફ માટેના ખાસ પ્રોજેક્ટ ગિદોરીની જાહેરાત કરી છે. ગિદોરી એક પ્રાઈવેટ ગોલ્ફ કમ્યુનિટી તરીકે વિકસાવવામાં આવશે.

**ઝેનોર** નિયોમના ઝેનોર પ્રોજેક્ટ વિશ્વનો શોપિંગ મોલ બનાવવાના વિઝન સાથે વિકસાવવામાં આવી રહ્યો છે. આ પ્રોજેક્ટમાં ખાનગી પૂલ, બીચ સાઈડ રિલેક્સેશન લાઉન્જ, ફાઈન ડાઈનિંગ, સ્પેશિયલ મનોરંજન સ્થળો અને વર્લ્ડ કલાસ સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ફેશન જગતની ટોપ બ્રાન્ડ્સને ઝેનોરના અપસ્કેલ સ્ટોર્સમાં સ્થાન અપાશે. બીચ રિસોર્ટ ટાઉન ઝેનોર વિશ્વભરના પ્રવાસીઓની પહેલી પસંદ રહેવાની સંભાવના છે.

**ઓક્સાગોન** સાઉદી અરેબિયાના ડુબા શહેરની નજીક લાલ સમુદ્રના કિનારે ઓક્સાગોને સુએઝ કેનાલ પર મુસાફરી કરતા જહાજો સાથે જોડવા માટે તરતા બંદર શહેર તરીકે પ્લાન કરવામાં આવ્યું છે. આ વિશિષ્ટ અષ્ટકોણ બંદરને ડેનિશ સ્ટુડિયો  દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યું છે. આ શહેર આંશિક રીતે જમીન પર અને તેનો વિશાળ ભાગ સમુદ્રમાં પ્લાન કરવામાં આવ્યો છે. નિયોમના ડેવલપર્સ અનુસાર, આ ઓફ-શોર સેક્શન જ્યારે પૂર્ણ થશે ત્યારે વિશ્વનું સૌથી મોટું ફ્લોટિંગ સ્ટ્રક્ચર હશે. આ શહેરમાં બંદર સુવિધાઓ સાથે ક્રઝ ટમનલ અને સમુદ્રશા રિસર્ચ સેન્ટર બનશે. સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાને જણાવ્યું હતું કે, ધઓક્સાગોન ભવિષ્યમાં ઔદ્યોગિક વિકાસ માટેના વિશ્વના અભિગમને પુનઃવ્યાખ્યાયિત કરવા, પર્યાવરણની સુરક્ષા સાથે નોકરીઓનું સર્જન કરવા અને નિયોમના વિકાસમાં યોગદાન આપશે.

**નોર્લાના** અકાબાના દરિયાકાંઠાના અખાતમાં સ્થિત નોર્લાના વિશ્વમાં લક્ઝુરિયસ લાઈફસ્ટાઈલનો બેન્ચમાર્ક બનવા માંગે છે. નોર્લાનામાં 711 ઘર દરિયાકાંઠે બનાવવામાં આવ્યા છે. આ સાથે જ મરિના અને પર્વતોમાં આવેલો ગોલ્ફકોર્સ આકર્ષણનું કેન્દ્ર છે. લગભગ 30,000 રહેવાસીઓ માટેના આ દરિયાકાંઠાના યાચિંગ ટાઉનનો હેતુ પાણી અને પર્વતીય કુદરતી સુંદરતાની આસપાસ ખાસ ડિઝાઈન તૈયાર કરવાનો છે.

**ટ્રોજેના** અકાબાના અખાતથી લગભગ 50 કિલોમીટર દૂર સાઉદી અરેબિયાના તાબુક પ્રદેશના પર્વતોમાં ‘ટ્રોજેના’ને સ્કી અને એડવેન્ચર રિસોર્ટ તરીકે વિકસીત કરવામાં આવી રહ્યું છે. આ રિસોર્ટે 2022 માં વૈશ્વિક ધ્યાન ખેંચ્યું હતું .જ્યારે જાહેરાત કરવામાં આવી હતી કે, તેણે 2029 એશિયન વિન્ટર ગેમ્સની યજમાની જીતી છે. આ પ્રોજેકટમાં વિશ્વની અનેક જાણીતી આકટેક્ચર ફર્મ કામ કરી રહી છે. જર્મન સ્ટુડિયો લાવાએ તેનો માસ્ટર પ્લાન તૈયાર કર્યો છે. જેમાં, એક આટફિશિયલ લેકની આસપાસ શહેર વસાવવામાં આવ્યું છે. એક પર્વતની ટોચ પર સ્કી રિસોર્ટ ડિઝાઈન કરવામાં આવ્યો છે. યુકે સ્ટુડિયો ઝાહા હદીદ આકટેક્ટ્સ દ્વારા ડિઝાઈન કરાયેલ ડિસ્કવરી ટાવર નામની 330-મીટર-ઉંચી હાઈરાઈઝ બિલ્ડિંગ આકર્ષણનું કેન્દ્ર રહેશે. આ પ્લાનમાં યુએન સ્ટુડિયો, એડાસ, મેકાનો અને બ્યુરો પ્રોબેટ્સ સહિતના આકટેક્ચર સ્ટુડિયોઝ દ્વારા હોટેલ્સ અને અન્ય આકર્ષણો ડિઝાઈન કરવામાં આવ્યા છે.

**લેજા** લેજાએ અકાબાના અખાત પર બાંધવામાં આવેલા છ હોટેલ રિસોર્ટમાંથી એક છે. તેમાં ત્રણ લકઝુરિયસ હાઈ એન્ડ બુટિક હોટેલ્સ હશે જેને શૌન કિલ્લા, મારિયો કુસિનેલા અને ક્રિસ વાન ડુઈજન દ્વારા ડિઝાઈન કરવામાં આવી છે.




# સ્પેસમાં ડિનરની મજા માણશે...

## અમેરિકન સ્પેસ ટ્રાવેલ કંપની અંતરિક્ષમાં 6 લોકોને ડિનર કરાવશે

**એક ટિકિટની કિંમત 4.10 કરોડ રૂપિયા** ફ્લોરિડા: અમેરિકાની સ્પેસ ટ્રાવેલ કંપની સ્પેસ VIP ટૂંક સમયમાં જ સ્પેસમાં ડિનર કરાવશે. કંપનીએ છ કલાકની હાઈ-ટેક સ્પેસ બલૂન યાત્રાનું નેતૃત્વ કરવા માટે મિશેલિન સ્ટાર રેસ્ટોરન્ટમાંથી નેધરલેન્ડના શેફ રસમસ મુંકને હાયર કર્યા છે. આ યાત્રા માટે 6 લોકોને પસંદ કરવામાં આવશે, જેમને પૃથ્વીના વાતાવરણથી 99% ઉપર ડિનર કરાવવામાં આવશે. આ માટેની ટિકિટની કિંમત લગભગ 4.10 કરોડ રૂપિયા હશે. આ 6 કલાકની યાત્રા આવતા વર્ષે શરૂ થશે. આ યાત્રા માટે સ્પેસ VIP કંપની સ્પેસ પર્સપેક્ટિવ કંપનીના સ્પેસશીપ નેપ્ચ્યુનનો ઉપયોગ કરશે. તે ફ્લોરિડામાં કેનેડી સ્પેસ સેન્ટરથી તેની પ્રથમ ઉડાન ભરશે.

**06** યાત્રા માટે લોકોને પસંદ કરવામાં આવશે

**99** પૃથ્વીના વાતાવરણથી ઉપર ડિનર કરાવવામાં આવશે.

- તાલીમ અથવા ખાસ ગિયરની જરૂર નથી. આમાં સ્પેસ બલૂનથી પ્રેશરાઈઝ્ડ કેપ્સ્યુલને ઉપર મોકલવામાં આવે છે. નાસાએ આ ટેક્નોલોજી ડેવલપ કરી છે.
- ટિકિટ મોંઘી હોવા છતાં, લોકો જાહેરાતના 24 કલાકની અંદર મુસાફરી માટે નોંધણી કરાવવામાં રસ દાખવી રહ્યા છે. યાત્રા માટે ટેસ્ટ ડ્રાઈવ એપ્રિલ 2024માં શરૂ થશે.



### મુસાફરો અંતરિક્ષમાંથી મિત્રો અને પરિવાર સાથે જોડાઈને વાતચીત પણ કરી શકશે

બ્લૂમબર્ગના રિપોર્ટ અનુસાર, સ્પેસ બલૂન દરિયાની સપાટીથી 1 લાખ ફૂટની ઊંચાઈએ પહોંચતા જ સ્પેસ બલૂનમાં હાજર મુસાફરોને વાઈફાઈની સુવિધા મળશે. આના દ્વારા તેઓ સોશિયલ મીડિયા પર તેમની સફરને લાઈવ સ્ટ્રીમ કરી શકશે. આ સિવાય તેઓ તેમના મિત્રો અને પરિવાર સાથે પણ જોડાઈ શકશે. યાત્રીઓને સૂર્યોદય જોવાની તક પણ મળશે. આ સિવાય સ્પેસ બલૂનમાં મુસાફરોને ખાસ ડિનર પીરસવામાં આવશે. શેફ રસમસ મંક આ માટે ખાસ મેનુ તૈયાર કરી રહ્યા છે. તે સ્પેસની થીમ પર આધારિત હશે. જો કે હજુ મેનુ ફાઈનલ થયું નથી. શેફ રસમસ કોપનહેગનની રેસ્ટોરન્ટ અલ્કેમિસ્ટમાં કામ કરે છે. છેલ્લા 4 વર્ષમાં તેને તેના ઉત્તમ ભોજન અને સુવિધા માટે બે વાર મિશેલિન સ્ટાર મળ્યો છે.

### આવતા મહિનાથી ટેસ્ટ ડ્રાઈવ શરૂ થશે

આ સિવાય આ રેસ્ટોરન્ટ વિશ્વની 50 શ્રેષ્ઠ રેસ્ટોરાંની યાદીમાં 5માં નંબરે આવે છે. ટિકિટ મોંઘી હોવા છતાં, લોકો જાહેરાતના 24 કલાકની અંદર મુસાફરી માટે નોંધણી કરાવવામાં રસ દાખવી રહ્યા છે. યાત્રા માટે ટેસ્ટ ડ્રાઈવ એપ્રિલ 2024માં શરૂ થશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, યાત્રા માટે જે નેપચ્યુન સ્પેસશીપનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે તે કોઈ રોકેટ નથી. તેને કોઈ તાલીમ અથવા ખાસ ગિયરની જરૂર નથી. આમાં સ્પેસ બલૂનથી પ્રેશરાઈઝ્ડ કેપ્સ્યુલને ઉપર મોકલવામાં આવે છે. નાસાએ આ ટેક્નોલોજી ડેવલપ કરી છે.

### ફ્રેન્ચ કંપની 2025માં સ્ટ્રેટોસફેયરમાં પણ ખવડાવે તેવું કરાઈ રહ્યું છે આયોજન

સ્પેસ VIP એ પહેલી કંપની નથી કે જેણે અવકાશમાં જમવાની તક આપી હોય. ગયા વર્ષે, ફ્રેન્ચ કંપની જેફાલ્ટોએ જાહેરાત કરી હતી કે 2025થી, તે લોકોને લગભગ 1.09 કરોડ રૂપિયામાં સ્ટ્રેટોસફેયરમાં બલૂનમાં જમવાની તક આપશે.

નમસ્કાર ગુજરાત
INDIA - USA - UK
NEW ZEALAND - AUSTRALIA

આપ આપના શહેરની પ્રેસનોટ અથવા કાર્યક્રમની માહિતી અથવા ફોટો અમને અમારા નીચેના ઇ-મેલ આઈડી પર મોકલી શકો છો.
**namashkargujarat@gmail.com**

**Publisher & Editor-in-Chief**
Hiren Vyas
+91 98982 65678

**Executive Editor**
**Marketing USA**
Nirav Govani
+1 (312) 686-5974

**Design**
Farhan Ajmerwala

**California Representative**
Ramanlal Patel
+1 (909) 205-6442

**Spl. Correspondent**
Sandip Hirpara
+91 90338 36330

**USA Office**
607, Burgess ct., Schaumburg, Illinois - 60194.

**Marketing India**
Mohit Hemilton +91 98799 18199
Het Vyas +91 95370 31696

**For Advertisement**
namashkargujarat@gmail.com

**India Office** 10th Floor, Shivalik Complex,
Opp. Bank of Baroda, Panchvati Circle, Ambawadi,
Ahmedabad - 380015.

**Disclaimer :** Namaskar Gujarat make no warranties or responsible as to the accuracy of the content and assumes no liability or responsibility for any error or omission in the content. Namaskar Gujarat is not responsible or liable for any claims made in advertisements or classifieds.Any question or comments concering advertisement or classifieds within this newspaper should be directed to the advertiser.The views,advice,opinions,and information in letters to the editor,analysis section,legal section or any other article in this publication are those of the writers and do not necessarily represent those of Namaskar Gujarat. All editorial rights reserved to News Online Cable Broadcasting Pvt. Ltd. Ahmedabad.

કોવિડકાળમાં પણ કંપનીએ દવા બનાવી હોવાનો કરવામાં આવ્યો હતો દાવો

# બહુ ગાજેલી બાબા રામદેવની પતંજલિ કંપનીએ સુપ્રીમ કોર્ટની માફી માગી

## આવી ભ્રામક જાહેરાતો હવે પછી નહીં બતાવીએ, કોર્ટે રામદેવ-બાલકૃષ્ણને હાજર થવા સમન્સ પાઠવવામાં આવ્યું

■ નવી દિલ્હી

પતંજલિ આયુર્વેદની ભ્રામક દવાની જાહેરાતને લઈને સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલા કેસમાં, કંપનીએ હવે તેની ભૂલ માટે માફી માગી છે. પતંજલિ આયુર્વેદ અને તેના MD આચાર્ય બાલકૃષ્ણએ ભ્રામક દવાઓની જાહેરાતો આપવા બદલ સુપ્રીમ કોર્ટમાં બિનશરતી માફી માગી છે. આ માફીપત્રમાં જાહેરાત ફરીથી પ્રસારિત નહીં કરવાની ખાતરી પણ આપવામાં આવી છે. આચાર્ય બાલકૃષ્ણ કહે છે કે કંપનીના મીડિયા વિભાગને સુપ્રીમ કોર્ટના આદેશની જાણ નહોતી. તે કહે છે કે તેમનો ઉદ્દેશ પતંજલિ ઉત્પાદનોનું સેવન કરીને નાગરિકોને સ્વસ્થ જીવન જીવવા માટે પ્રોત્સાહિત કરવાનો હતો.

IMAએ ડિસેમ્બર 2023 અને જાન્યુઆરી 2024માં પ્રિન્ટ મીડિયામાં જાહેર કરાયેલી જાહેરાતો કોર્ટ સમક્ષ રજૂ કરી હતી. આ સિવાય 22 નવેમ્બર 2023ના રોજ પતંજલિના સીઈઓ બાલકૃષ્ણ સાથે યોગગુરુ રામદેવની પ્રેસ-કોન્ફરન્સ વિશે પણ જણાવવામાં આવ્યું હતું. પતંજલિએ આ જાહેરાતોમાં ડાયાબિટીસ અને અસ્થમાને 'સંપૂર્ણપણે ઈલાજ' કરવાનો દાવો કર્યો હતો. આ પ્રેસ-કોન્ફરન્સ સુપ્રીમ કોર્ટની સુનાવણીના એક દિવસ બાદ કરવામાં આવી હતી. 21 નવેમ્બર 2023ના રોજ થયેલી સુનાવણીમાં જસ્ટિસ અમાનુલ્લાએ કહ્યું હતું કે - પતંજલિએ ભ્રામક દાવાવાળી તમામ જાહેરાતો તાત્કાલિક બંધ કરવી પડશે. કોર્ટ આવા કોઈપણ ઉલ્લંઘનને ખૂબ જ ગંભીરતાથી લેશે અને ઉત્પાદન પરના દરેક ખોટા દાવા માટે 1 કરોડ રૂપિયા સુધીનો દંડ લાદી શકે છે.

### સુપ્રીમ કોર્ટે રામદેવ અને બાલકૃષ્ણને હાજર થવાનો આદેશ

કોર્ટે પતંજલિ આયુર્વેદની ભ્રામક દવાની જાહેરાતના કેસમાં સ્વામી રામદેવ (પતંજલિના સહ-સ્થાપક) અને પતંજલિના એમડી આચાર્ય બાલકૃષ્ણને 2 એપ્રિલના રોજ કોર્ટમાં હાજર થવા જણાવ્યું છે. કંપની અને આચાર્ય બાલકૃષ્ણએ નોટિસનો જવાબ દાખલ કર્યો ન હતો, જેના કારણે આ આદેશ જારી કરવામાં આવ્યો હતો. હવે તેમને આગામી તારીખે કોર્ટમાં હાજર થવું પડી શકે છે. કોર્ટે 19 માર્ચે થયેલી સુનાવણીમાં નોટિસ જારી કરી હતી અને તે પણ પૂછ્યું હતું કે શા માટે તેની સામે અવમાનનાની કાર્યવાહી શરૂ ન કરવી જોઈએ. જસ્ટિસ હિમા કોહલી અને જસ્ટિસ અહસાનુદ્દીન અમાનુલ્લાહની બેન્ચ આ કેસની સુનાવણી કરી રહી છે. અગાઉ આ કેસની સુનાવણી 27મી ફેબ્રુઆરીએ થઈ હતી. 27 ફેબ્રુઆરીએ થયેલી સુનાવણીમાં કોર્ટે પતંજલિ આયુર્વેદની ભ્રામક દવાઓની જાહેરાતો પર પ્રતિબંધ મૂક્યો હતો. આ સિવાય તિરસ્કારની કાર્યવાહીમાં કારણ બતાવો નોટિસ જારી કરવામાં આવી હતી. કોર્ટે ગયા વર્ષે ભ્રામક જાહેરાતો ન આપવાનો નિર્દેશ આપ્યો હતો, પરંતુ કંપનીએ તેની અવગણના કરી હતી અને ઉત્પાદન પરના દરેક ખોટા દાવા માટે 1 કરોડ રૂપિયા સુધીનો દંડ લાદી શકે છે.



### ભ્રામક જાહેરાતો સાથે જોડાયેલો મામલામાં કંપની મુશ્કેલીમાં

સુપ્રીમ કોર્ટે ઈન્ડિયન મેડિકલ એસોસિયેશન 17 ઓગસ્ટ 2022ના રોજ દાખલ કરેલી અરજી પર સુનાવણી કરી રહી હતી. એમાં ઉલ્લેખવામાં આવ્યું છે કે પતંજલિએ કોવિડ વેક્સિનેશન અને એલોપેથી વિરુદ્ધ નેગેટિવ પ્રચાર કર્યો છે. ત્યાં જ પોતાની આયુર્વેદિક દવાઓથી રોગોનો ઈલાજ કરવાનો ખોટો દાવો કર્યો.

## NEWS FILE

### વ્યાજ દરમાં પોણા ટકાના ઘટાડાનો ફેડરલનો સંકેત

ન્યૂયોર્કઃ અમેરિકન ફેડરલ રિઝર્વની ફેડરલ ઓપન માર્કેટ કમિટિ (એફઓએમસી)એ બે દિવસની બેઠકના અંતે બુધવારે સતત પાંચમી વખત વ્યાજ દર યથાવત રાખવાનો નિર્ણય કર્યો હતો અને સાથોસાથ વર્તમાન વર્ષના અંત સુધીમાં વ્યાજ દરમાં પોણો ટકો ઘટાડો થવાની શકયતા અકબંધ હોવાના પણ સંકેત આપ્યા હતા. બીજી બાજુ સ્વિસ નેશનલ બેન્કે વ્યાજ દરમાં પા ટકા ઘટાડો કર્યો છે જ્યારે બેન્ક ઓફ ઈન્ગલેન્ડે વ્યાજ દર જાળવી રાખ્યા છે. ફેડરલ રિઝર્વ ફુગાવો ઘટી રહ્યો છે તેના સ્પષ્ટ સંકેત મેળવવા માગે છે. ફેડરલ રિઝર્વને ફુગાવો બે ટકા સુધી લાવવાનો ટાર્ગેટ અપાયો છે.

### કેનેડામાં જાન્યુઆરીમાં 800 કંપનીઓએ નાદારી નોંધાવી

ઓન્ટારિયોઃ બ્રિટન સહિત વિશ્વના ઘણા દેશો હાલમાં મંદીની ઝપેટમાં છે અને હવે કેનેડા મંદીના ભમરામાં ફસાઈ જવાના ભય હેઠળ છે. ભારતે સામે આંખો ઉંચી કરનાર કેનેડાની આર્થિક સ્થિતિ જ ખસ્તા હાલતમાં છે. ૨૦૨૩ના કેલેન્ડર વર્ષમાં દેશમાં નાદારી માટે અરજી કરનાર કંપનીઓની સંખ્યામાં ઝડપથી વધારો થયા બાદ નવા વર્ષે તો નાદારી અરજી કરનાર કંપનીઓની સંખ્યા રોકેટ ગતિએ વધી હતી. માત્ર જાન્યુઆરીમાં જ ૮૦૦થી વધુ કંપનીઓએ કેનેડામાં નાદારી નોંધાવી છે. અગાઉ ૨૦૨૩માં દેશમાં નાદારી નોંધાવવામાં આવી હતી.

### 17 વર્ષ બાદ બેંક ઓફ જાપાનના વ્યાજ દરમાં 0.1 ટકાનો વધારો



ટોકયો : આઠ વર્ષના ગાળા બાદ બેન્ક ઓફ જાપાનેગેટિવ વ્યાજ દરના યુગને ખતમ કરીને વ્યાજ દરમાં ૨૦૦૭ બાદ પહેલી વખત વધારો કર્યો છે. બેન્ક ઓફ જાપાનના ગવર્નર કાઝુ ઉએડાએ હળવી નાણાં નીતિનો મંગળવારે અંત આણી વ્યાજ દરને શૂન્યની નજીક લાવી દીધો છે. દેશની ધૂંધળી આર્થિક રિકવરી બેન્ક ઓફ જાપાનને વ્યાજ દરમાં વધારો કરવામાં ધીમી ગતિએ આગળ વધવા ફરજ પાડી રહી છે. દેશના ધૂંધળા અર્થતંત્રને ટેકો પૂરો પાડવા બેન્ક ઓફ જાપાન છેલ્લા કેટલાક વર્ષોથી નેગેટિવ વ્યાજ દરની નીતિ ધરાવતી હતી. અર્થતંત્રને ટેકો પૂરો પાડવા જાપાને સસ્તા દરની બિનપરંપરાગત એવી નાણાં નીતિ અપનાવી હતી.

## 'મેડ-ઈન-ઈન્ડિયા'ની પહેલી ચિપ ડિસેમ્બર 2024 સુધી આવશે

■ નવી દિલ્લી

ભારતની પ્રથમ 'મેડ-ઈન-ઈન્ડિયા' ચિપ ડિસેમ્બર 2024 સુધીમાં તૈયાર થઈ જશે. આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે એક ટીવી ઈવેન્ટમાં આ માહિતી આપી હતી. વૈષ્ણવે કહ્યું કે ભારત ઈલેક્ટ્રોનિક્સનું હબ બની ગયું છે. હાલમાં, અહીંથી 1 અબજ ડોલર (આશરે 8,294 કરોડ રૂપિયા)ના ટેલિકોમ્યુનિકેશન સાધનોની નિકાસ કરવામાં આવી રહી છે. આગામી 5 વર્ષમાં એટલે કે 2029 સુધીમાં ભારત વિશ્વની ટોપ-5 ચિપ ઈકોસિસ્ટમનો એક ભાગ બની જશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'ઈન્ડિયાઝ ટેકઃ ચિપ્સ ફોર ડેવલપ્ડ ઇન્ડિયા' ઈવેન્ટમાં આશરે રૂ. 1.26 લાખ કરોડની કિંમતની ત્રણ સેમિકન્ડક્ટર સુવિધાઓનો શિલાન્યાસ કર્યો હતો. આજે આપણે ઈતિહાસ પણ લખી રહ્યા છીએ અને ઉજ્જવળ ભવિષ્ય તરફ મજબૂત પગલાં લઈ રહ્યા છીએ. 21મી સદી ટેક્નોલોજી આધારિત સદી છે, જેની ચિપ્સ વિના કલ્પના કરી શકાતી નથી.

## મધર ડેરીના દિલ્હી- NCRમાં પ્લાન્ટ

### કંપની મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં પણ રોકાણ કરે તેવી શક્યતા

■ નવી દિલ્હી

દિલ્હી અને નેશનલ કેપિટલ રિજન (NCR)માં દૂધની મોટી સપ્લાયર મધર ડેરી વધુ બે નવા પ્લાન્ટ બનાવવા માટે લગભગ રૂ. 650 કરોડનું રોકાણ કરવા જઈ રહી છે. કંપની નવા પ્લાન્ટમાં દૂધ અને ફળોને પ્રોસેસ કરશે.આ સાથે કંપની બજારની વધતી માંગને પૂરી કરશે. આ સિવાય મધર ડેરી તેના હાલના પ્લાન્ટની ક્ષમતા વધારવા માટે અન્ય 100 કરોડનું રોકાણ કરશે. સમાચાર એજન્સી પીટીઆઈએ આ જાણકારી આપી છે. મધર ડેરી ફ્રુટ્સ એન્ડ વેજીટેબલ્સ પ્રાઈવેટ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર મનીષ બંદલિશે જણાવ્યું હતું કે, "અમે અમારા ડિસ્ટ્રિબ્યુશન નેટવર્કને વિસ્તારવા અને ગ્રાહકો સુધી પહોંચવા માટે અમારા મુખ્ય સ્થાનો પર અમારી ડેરી અને F&V પ્રોસેસિંગ ક્ષમતાને વિસ્તારવા માટે રૂ. 750 કરોડ ખર્ચ કરવાના છીએ. મનીષે જણાવ્યું કે કંપની મહારાષ્ટ્રના નાગપુરમાં લગભગ 525 કરોડના રોકાણ સાથે એક મોટો ડેરી પ્લાન્ટ સ્થાપી રહી છે.

## KYC વગરના ફાસ્ટેગ 1 એપ્રિલથી બંધ થઈ જશે

■ નવી દિલ્લી

જો તમે બેંકમાંથી તમારી કારના ફાસ્ટેગનું KYC અપડેટ કર્યું નથી, તો આજે જ કરાવી લો. કારણ કે 31 માર્ચ પછી, બેંકો KYC વિના ફાસ્ટેગને નિષ્ક્રિય અથવા બ્લેકલિસ્ટ કરશે. આ પછી, ફાસ્ટેગમાં બેલેન્સ હોવા છતાં ચુકવણી કરવામાં આવશે નહીં. NHAIએ ફાસ્ટેગ ગ્રાહકોને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ના નિયમો અનુસાર ફાસ્ટેગ માટે KYC પ્રક્રિયા પૂર્ણ કરવા જણાવ્યું છે, જેથી કરીને કોઈપણ મુશ્કેલી વિના ફાસ્ટેગ સુવિધા પૂરી પાડી શકાય. ગ્રાહકો હવે એક વાહનમાં માત્ર એક જ ફાસ્ટેગનો ઉપયોગ કરી શકશે. NHAI અનુસાર, ફાસ્ટેગ યુઝર્સે 'એક વાહન, એક ફાસ્ટેગ' નીતિને અનુસરવી પડશે અને અગાઉ જારી કરાયેલા તમામ ફાસ્ટેગને તેમની સંબંધિત બેંકોને પરત કરવા પડશે. હવે માત્ર નવા ફાસ્ટેગ એકાઉન્ટ જ એક્ટિવ રહેશે. NHAIએ પારદર્શિતા લાવવા અને ફાસ્ટેગ દ્વારા ટોલ વસૂલવા માટે ટોલ પ્લાઝા પર રાહ જોવાનો સમય ઘટાડવા માટે 'એક વાહન, એક ફાસ્ટેગ' ઝુંબેશ શરૂ કરી છે.

# આઇફોન મોનોપોલી અંગે USમાં એપલ સામે કેસ

« પેટન્ટ વિવાદથી કંપની મુશ્કેલીમાં

### તથ્યો અને કાયદાના આધારે આ ખોટું છે, અમે તેનો બચાવ કરીશું

■ નવી દિલ્હી

યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસે ગુરુવારે ટેક કંપની એપલ વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે. તેમાં આઈફોન ઉત્પાદક પર વધુ પડતી કિંમતો દ્વારા અને સ્પર્ધામાં ઘટાડો કરીને સ્માર્ટફોન માર્કેટમાં ગેરકાયદેસર રીતે એકાધિકાર સ્થાપિત કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. વિભાગે આક્ષેપ કર્યો હતો કે એપલ તેની બજાર શક્તિનો ઉપયોગ ગ્રાહકો, વિકાસકર્તાઓ, સામગ્રી નિર્માતાઓ, કલાકારો, પ્રકાશકો, નાના વ્યવસાયો અને વેપારીઓ પાસેથી વધુ પૈસા કમાવવા માટે કરે છે. વિભાગનો એવો પણ આરોપ છે કે Apple દ્વારા અપનાવવામાં આવેલી નીતિઓ ગ્રાહકો અને નાની કંપનીઓને નુકસાન પહોંચાડી રહી છે જે Appleની કેટલીક સેવાઓ સાથે સ્પર્ધા કરે છે. ગયા વર્ષે ડિસેમ્બરમાં એપલે લેટેસ્ટ વૉચ સિરીઝ 9 અને વૉચ અલ્ટ્રા 2ના વેચાણ પર પ્રતિબંધ મૂક્યો હતો. આ સ્માર્ટવોચમાં આપવામાં આવેલા બ્લડ ઓક્સિજન ફીચરને લઈને પેટન્ટ વિવાદને કારણે.

### એપલે સુપર એપ્સ બનાવવાનું બંધ કરવાનો પણ આરોપ લગાવ્યો છે




મુકદ્દમામાં એપલ પર સુપર એપ્સનું નિર્માણ રોકવાનો પણ આરોપ લગાવવામાં આવ્યો છે. મેટા જેવી અન્ય ટેક્નોલોજી કંપનીઓ લાંબા સમયથી આઈફોન પર આવી સુપર-એપ્સ લોન્ચ કરવા ઈચ્છતી હતી. કંપની વિરુદ્ધ મુકદ્દમાના સમાચારને કારણે ગુરુવારે વોલ સ્ટ્રીટ પર Appleના શેર 4.09% તૂટ્યા હતા. યુએસ એટર્ની જનરલ મેરિક ગારલેન્ડે કહ્યું, 'ઉપભોક્તાઓએ ઊંચી કિંમતો ચૂકવવી ન જોઈએ કારણ કે કંપનીઓ અવિશ્વાસના કાયદાનું ઉલ્લંઘન કરે છે. જો આને પડકારવામાં નહીં આવે, તો Apple તેની સ્માર્ટફોન મોનોપોલીને મજબૂત કરવાનું ચાલુ રાખશે. Appleએ કહ્યું છે કે આ મુકદ્દમો અમારી ઓળખ અને સિદ્ધાંતોને જોખમમાં મૂકે છે.

## તંત્રીસ્થાનેથી...

# રાજકીય ઉથલ પાથલો છતાં પ્રજાને ચૂંટણીમાં રસ હોય એમ લાગતું નથી




કોણ જાણે કેમ પણ રોજ નવી રાજકીય ઉથલ પાથલો જોવા મળવા છતાં પ્રજાને ચૂંટણીમાં બહુ રસ હોય એમ લાગતું નથી.લોકો મતદાનની તારીખ ક્યારે છે તેમાં રસ રાખે છે પરંતુ કોણે પક્ષપલ્ટો કર્યો કે કોનું શાસન ઉથલ્યું તેમાં ભાગ્યેજ રસ લે છે. સોશ્યલ નેટવર્ક પર ફેંકાફેંક કરતા નવા સમિક્ષકો અને યુટયુબ પર દરેક રાજકીય ઘટનાની સતત સમિક્ષા કર્યા કરતા બની બેઠેલા રાજકીય નિષ્ણાતો હવે કોને કેટલી બેઠક મેળવશે તેની સતત સમિક્ષા કરી રહ્યા છે. દરેક રાજકીય પક્ષે પોતાના યુ ટયુબરોની ફોજ તૈયાર કરી છે. બિલાડીના ટોપની જેમ વોટ્સએપ ગૃપો પણ ફૂટી નીકળ્યા છે.

દરેકને તગડું ફંડીંગ મળી રહ્યું છે. મમતા બેનરજીએ જ્યારે કોંગ્રેસને એક પણ બેઠક ફાળવ્યા વિનાની ૪૨ ઉમેદવારોની યાદી જાહેર કરી ત્યારે કેટલાક યુટયુબરો એમ હાંકે રાખ્યું હતું કે મમતાએ ચૂંટણી પરિણામોના સમિકરણો બદલી નાખે એવા ઉમેદવારોના નામો જાહેર કર્યા છે. જ્યારે સામે છેડે ભાજપ તરફી યુટયુબરોએ મમતાના ઉમેદવારોની પસંદગીને તુષ્ટીકરણનો બિઝનેસ ગણાવ્યો હતો. સોશ્યલ નેટવર્ક પર કોઇ તટસ્થ નથી હોતું કેમકે દરેક પેઇડ ન્યૂઝના રવાડે ચઢેલા હોય છે.

દરેક રાજકીય પક્ષમાં રહેલા મિડીયા સેન્ટરો પોતાના પોઝિટીવ સમાચારો પમ્પ કર્યા કરે છે. તે લોકો સુધી પહોંચે એટલે તેમાં થોડા મરી મસાલા ભભરાવીને બ્રેકીંગ ન્યૂઝ બનાવાય છે. ચૂંટણીમાં સોશ્યલ નેટવર્કનો આખો ખેલ પૈસાનો હોય છે. ચૂંટણીમાં અનેક યુટયુબરોએ કમાણી કરી લીધી છે.

લોકોના માથે એટલું બધું સાચું ખોટું ફટકારાય છે કે તેમને સાચું જાણવાનો ચાન્સ ભાગ્યેજ મળે છે. જ્યાં સુધી લોકસભાની ચૂંટણી જાહેર નહીં થાય ત્યાં સુધી રાજકીય પક્ષોમાં કાર્યકરોની આવન જાવન ચાલુ રહેવાની છે. કાર્યકરો તો ઠીક આખી રાજ્ય સરકાર ડામાડોળ થઇ જાય છે. હિમાચલ પ્રદેશની સરકાર તૂટતાં બચી ગઇ છે તો હરિયાણામાં સરકાર તૂટી પણ ખરી અને રાતોરાત નવી સરકાર બની પણ ગઇ. ભૂતપૂર્વ મુખ્યપ્રધાન મનોહરલાલ ખટ્ટરને લોકસભા લડાવવા ઉમેદવાર પદે જાહેર પણ કરી દીધા છે. કોણ ક્યાંથી તૂટશે અને કઇ તરફ ઝૂકશે તેની કોઇને ખબરજ નથી હોતી. વડાપ્રધાન મોદી એક દિવસ અગાઉ હરિયાણાના મુખ્યપ્રધાન મનોહરલાલના જોરદાર વખાણ જાહેરમાં કર્યા હતા પરંતુ બીજાજ દિવસે તેમની સરકારે રાજીનામું આપી દેવું પડયું હતું.

આવી તોડફોડમાં સૌથી વધુ નુકશાન વિપક્ષી જોડાણને થઇ રહ્યું છે. વિપક્ષી જોડાણ સાથે સંકળાયેલા દરેક નાના પ્રાદેશિક પક્ષો દેશના સૌથી જુના પક્ષ કોંગ્રેસને ગાંઠતા નથી તે દેખાઇ આવે છે. બિહારમાં લાલુપ્રસાદ યાદવનો રાષ્ટ્રીય જનતાદળ કોંગ્રેસ કરતાં વધુ બેઠકો માંગી રહ્યા છે. લાલુ પ્રસાદે અખિલેશ યાદવની સ્ટાઇલ અપનાવી છે. ઉત્તર પ્રદેશમાં એખિલેશ કોંગ્રેસ કરતાં વધુ બેઠકો લડવા માંગે છે. પ.બંગાળમાં મમતા બેનરજીની તૃણમૂલ કોંગ્રેસે એક પણ બેઠક કોંગ્રેસને ફાળવી નથી છતાં કોઇ સાથી પક્ષ મમતાની ટીકા કરવા તૈયાર નથી. જેમ મમતાએ વિપક્ષી જોડાણને દગો દીધો છે એમ અખિલેશે પણ કર્યું છે અને હવે લાલુપ્રસાદનું ફેમિલી પણ તેજ માર્ગે છે.

ચૂંટણી પહેલાં આટલી ઉથલપાથલો જોવા મળે છે તો ચૂંટણી પ્રચારમાં થનારી આક્ષેપબાજીની આતશબાજી પણ જોવા મળશે. દેશના નેતાઓની જાહેરસભામાં કે રોડ શોમાં કીડીયારૃં ઉભરાયું હોય એમ લોકો જોવા મળે છે. બિહારમાં ચિરાગ પાસવાનની જાહેર સભામાં જેટલી ભીડ હોય છે એટલીજ ભીડ લાલુપ્રસાદ યાદવની સભામાં હોય છે. એવુંજ પશ્ચિમ બંગાળમાં વડાપ્રધાન મોદીની જાહેરસભામાં જેટલી ભીડ હોય છે એટલીજ ભીડ મમતા બેનરજીની જાહેર સભામાં હોય છે. દરેક રાજકીય પક્ષ ભીડ એકઠી કરવાની ઇકો સિસ્ટમથી પરિચીત હોય છે.

જેમ જાહેર સભાઓ થાય છે એમ રાત્રી બેઠકો પણ શરૂ થઇ ગઇ છે. મતદારોને શામ-દામ-દંડ-ભેદની નિતી અપનાવીને સમજાવવા પ્રયાસ થાય છે. આવા કામોની શરૂઆત ભાજપે છ મહિના પહેલેથી શરૂ કરી દીધી છે. લોકસભાના જંગમાં કોણ જીતશે અને કોણ હારશે તેના રોજેરોજના સર્વે જોવા મળે છે. પરંતુ તેના સાચા આંકડા માટે ચૂંટણી પરિણામો સુધી રાહ જોવી પડશે.

# ચીનનો દાવો ખોટો, અરૂણાચલ પ્રદેશ તેનું ક્યારેય નહોતું, તે ભારતનો જ વિસ્તાર છે

## વિચાર મંથન

**ચીને** ફરી એક વાર અરૂણાચલ પ્રદેશ પોતાના બાપનો માલ હોવાનું વાજું વગાજ્યું છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી થોડા દિવસો પહેલાં સેલા સુરંગના ઉદ્ઘાટન માટે અરૂણાચલ પ્રદેશ ગયા ત્યારે પણ ચીને વાંધો લીધેલો. હવે ચીનના લશ્કરે એ જ રેકર્ડ ફરી વગાડીને જાહેર કર્યું છે કે, અરૂણાચલ પ્રદેશ ચીનનો અવિભાજ્ય હિસ્સો છે. ચીન તિબેટ માટે શિયાંગ શબ્દ વાપરે છે. અરૂણાચલ પ્રદેશ તિબેટનો દક્ષિણનો ભાગ હોવાનું કહે છે. તિબેટ ચીને દાદાગીરી કરીને બથાવી પાડયું છે તેથી અરૂણાચલ પ્રદેશ પણ તેની સાથે ફીમાં મળી જશે એવું ચીના માને છે.

આપણે જેને અરૂણાચલ પ્રદેશ કહીએ છીએ તેને ચીન ઝાંગનન કહે છે. ચીન પોતાના નકશામાં પણ ઝાંગનનને પોતાનો પ્રદેશ જ ગણાવે છે. ચીનના સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા સીનિયર કર્નલ ઝાંગ શિયાઓગેંગનું કહેવું છે કે, શિયાંગનો દક્ષિણનો પ્રદેશ ઝાંગનન ચીનનો વિસ્તાર છે. આ વિસ્તારમાં ભારતે ગેરકાયદેસર રીતે બનાવેલા રાજ્ય અરૂણાચલ પ્રદેશને ચીને કદી માન્યતા આપી નથી ને તેનો હજુય વિરોધ કરે છે.

ચીનની વાતમાં કશું નવું નથી ને ભારતને તેનાથી કોઈ ફરક પડતો નથી. નવા રાજ્ય તરીકે અરૂણાચલ પ્રદેશ ૨૦ ફેબ્રુઆરી ૧૯૮૭ના રોજ અસ્તિત્વમાં આવ્યું. એ પહેલાં ૨૦ જાન્યુઆરી, ૧૯૭૨થી અરૂણાચલ પ્રદેશ કેન્દ્રશાસિત પ્રદેશ હતો. એ પહેલાં અરૂણાચલ પ્રદેશ નોર્થ ઈસ્ટ ફ્રન્ટિયર એજન્સી (નેફા)નો ભાગ હતો. નેફા અંગ્રેજોએ બનાવેલો વહીવટી પ્રાંત હતો તેથી આ આખો પ્રદેશ અંગ્રેજોનું ભારતમાં રાજ હતું ત્યારથી જ ભારતનો હિસ્સો જ હતો. ૧૯૭૨માં નેફાના બે ભાગ કરીને નવો કેન્દ્રશાસિત અરૂણાચલ પ્રદેશ બન્યો ને બાકીનો ભાગ આસામમાં ગયો.

આ ઈતિહાસ છે કે જેને કોઈ નકારી શકે તેમ નથી. આ કારણે ભારત અરૂણાચલ પ્રદેશ પરના ચીનના દાવાની વાતને એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાંખે છે પણ એક ભારતીય તરીકે ચીન આવો વાહિયાત દાવો કેમ કરે છે એ જાણવું જરૂરી છે. ચીનનો ઈતિહાસ બીજાના પ્રદેશો પચાવી પાડવા માટે આક્રમણો કરવાનો છે. અરૂણાચલ પ્રદેશના મુદ્દે ચીન ૧૯૬૨માં ભારત પર એક વાર આક્રમણ કરી ચૂક્યું છે. ચીન બીજી વાર પણ આક્રમણ કરી શકે એ જોતાં ભારત માટે આ મુદ્દો રાષ્ટ્રીય સુરક્ષાનો છે. આ કારણે પણ ચીનના બકવાસ પાછળનું કારણ જાણવું જરૂરી છે.

ચીન ઈતિહાસનું ખોટું અને વિકૃત અર્થઘટન કરીને અરૂણાચલ પ્રદેશ પર દાવો કરે છે. ચીનનું કહેવું છે કે, અરૂણાચલ પ્રદેશ પહેલાં તિબેટનો પ્રદેશ હતો અને આખું તિબેટ ચીનનું છે તેથી અરૂણાચલ પ્રદેશ પણ ચીનને મળવું જોઈએ. ચીન અરૂણાચલ પ્રદેશને તિબેટનો પ્રદેશ ગણાવે છે એ જૂઠાણું છે. પહેલી વાત એ કે, ચીને તિબેટ જ લુચ્ચાઈ કરીને લશ્કરી જોરે પચાવી પાડયું છે. ચીનની લુચ્ચાઈ સામે દુનિયાના બીજા દેશો ચૂપ રહ્યા તેથી તિબેટ હવે સંપૂર્ણપણે ચીનનું તાબેદાર છે એ અલગ વાત છે પણ તાઈવાનની જેમ તિબેટીયનો પોતાની આઝાદીની રક્ષા ના કરી શક્યા તેથી તિબેટ ચીનના બાપનો માલ બની જતું નથી. બીજી સૌથી મહત્વની વાત એ કે, અરૂણાચલ પ્રદેશ તો તિબેટનો હિસ્સો પણ નહોતો. ૧૯૧૪માં બ્રિટન અને તિબેટના પ્રતિનિધીઓએ આઉટર તિબેટની સરહદ નક્કી કરી તેમાં હાલના અરૂણાચલ પ્રદેશના વિસ્તારને બ્રિટિશ ઈન્ડિયાના વિસ્તાર તરીકે માન્યતા અપાઈ હતી. સર હન્રી મેકમોહને ૮૯૦ કિલોમીટર લાંબી સરહદ બનાવી એ મેકમોહન લાઈન તરીકે ઓળખાઈ. આ મેકમોહન લાઈનની પેલી તરફ હાલના તિબેટના વિસ્તારો છે જ્યારે આ તરફ તવાંગ સહિતના વિસ્તારો છે કે જે બ્રિટિશ ઈન્ડિયાનો હિસ્સો બન્યા.

એ રીતે જોઈએ તો ૧૯૧૪થી તો અરૂણાચલ પ્રદેશ સત્તાવાર રીતે જ ભારતનો ભાગ બની ગયો. બ્રિટિશ ઈન્ડિયામાં જે કંઈ હતું એ ભારતને મળ્યું તેથી અરૂણાચલ ભારતનો જ વિસ્તાર છે. ચીને અરૂણાચલ પ્રદેશનો ૨૮ હજાર ચોરસ કિલોમીટર વિસ્તાર પચાવી પાડયો છે. વાસ્તવિક રીતે તો ચીને એ પ્રદેશ પણ ભારતને પાછો સોંપવો જોઈએ પણ તેના બદલે ચીન ચોરી પર સિનાજોરી કરીને આખા અરૂણાચલ પર દાવો કરે છે.

ચીન અરૂણાચલ પ્રદેશની જેમ સિક્કિમને પણ તિબેટનો હિસ્સો ગણાવીને તેના પર પણ દાવો કરે છે. ચીન એવું જૂઠાણું ચલાવે છે કે, ૧૮૯૦માં અંગ્રેજોની ચીન સાથેની સંધિમાં સિક્કિમને તિબેટના પ્રદેશ તરીકે સ્વીકારાયો છે તેથી સિક્કિમ ચીનને મળવું જોઈએ. વાસ્તવમાં ૧૮૯૦ની ચીન અને અંગ્રેજોની સંધિમાં ચીને સિક્કિમને અંગ્રેજોના પ્રદેશ તરીકે સ્વીકાર્યો હતો. અંગ્રેજો ગયા પછી તેમના તાબા હેઠળના પ્રદેશો ભારત અને પાકિસ્તાન વચ્ચે વહેંચાયા તેથી ચીનનો અંગ્રેજોના પ્રદેશો પર કોઈ અધિકાર નથી.

અંગ્રેજોના સમયમાં સિક્કિમ સંરક્ષિત (પ્રોટેક્ટોરેટ) રાજ્ય હતું. સિક્કિમના શાસક તરીકે ચોગ્યાલ તરીકે ઓળખાતા નામગ્યાલ વંશના રાજા રાજ કરતા. ભારત આઝાદ થયું ત્યારે સિક્કિમે ભારતમાં ભળવું કે નહીં તે માટે જનમત લેવાયેલો. સિક્કિમની પ્રજાએ ભારતમાં ભળવાનો ઈન્કાર કરતાં સિક્કિમ સ્વતંત્ર રહેલું. જવાહરલાલ નહેરૂએ સિક્કિમને ભારત તરફ ખેંચવાની મથામણ શરૂ કરીને ૧૯૫૦માં સિક્કિમને ભારતના સંરક્ષિત રાજ્ય તરીકે સમાવવાના કરાર કર્યા.

સિક્કિમની વિદેશ નીતિ, સંરક્ષણ, રાજદ્વારી બાબતો તથા સંદેશાવ્યવહાર નીતિ ભારત નક્કી કરે જ્યારે આંતરિક સુરક્ષા સહિતની બાબતો સિક્કિમ હસ્તક રહે તેવી ગોઠવણ કરાઈ. સ્વાયત્ત સિક્કિમની વહીવટ માટે ૧૯૫૩માં સ્ટેટ કાઉન્સિલ રચાઈ. તેની ભલામણો પ્રમાણે વિધાનસભા અને સરકાર રચાઈ કે જેના વડા સિક્કિમના રાજા તાશિ નામગ્યાલ હતા. તેમના પછી તેમના પુત્ર પાલડેન થોંડયુપ નામગ્યાલ રાજા બન્યા.

નામગ્યાલે સિક્કિમનો વિકાસ કરીને સૌથી વધારે સાક્ષરતા દર અને સમગ્ર દક્ષિણ એશિયામાં સૌથી વધારે માથાદીઠ આવક ધરાવતું રાજ્ય બનાવ્યું. ચીને ૧૯૫૮માં અરૂણાચલ પ્રદેશ પર દાવો કરીને આક્રમક વલણ અપનાવ્યું ત્યારે સિક્કિમ પર પણ દાવો કરેલો નહેરૂએ એ દાવાને ફગાવી દીધેલો. ચીને ઘણી વાર આ મુદ્દો ઉઠાવવા ફાંફાં મારી જોયાં પણ ભારત મચક આપતું નથી તેથી ચૂપ થઈ જાય છે પણ ભવિષ્યમાં અરૂણાચલ પ્રદેશની જેમ સિક્કિમ હડપવા પણ કારસા કરી શકે.

ભારતે સતર્કતા બતાવીને સેલા સુરંગ જેવાં પગલાં લેવા માંડયાં છે. ૧૩ હજાર ફૂટની ઉંચાઈએ બનેલી સેલા સુરંગ આસામના તેજપુરને અરૂણાચલ પ્રદેશના પશ્ચિમ કામેંગ જિલ્લા સાથે જોડે છે. તેના કારણે ભારત માટે સૈનિકોને તાત્કાલિક સરહદે પહોંચવામાં સરળતા રહેશે. ભારતે બીજાં પગલાં પણ લીધાં છે પણ ચીનની રાક્ષસી તાકાત જોતાં ભારતે સુરક્ષા વધારવી જરૂરી છે કેમ કે ચીન ગમે તે કરી શકે છે.

### ટ્રમ્પે કહ્યું, હું નહીં ચૂંટાઉં તો બજારમાં બ્લડબાથ સર્જાશે

# અમેરિકામાં ચૂંટણી: ટ્રમ્પ V/S બાઈડેન, કોણ બાજી મારશે?

**અમેરિકામાં** ટ્રમ્પ માટે સારા સમાચાર છે. કેમ કે, અમેરિકાની પ્રજાનું વલણ હાલ ટ્રમ્પ તરફી હોવાનું જાણાઈ આવે છે. તો બીજી બાજુ બાઈડન પણ ઢીલા પડ્યા હોવાનું લોકોનું માનવુ છે. ટ્રમ્પને જે રીતે લીડ મળી રહી છે. તેને જોતા એવુ કહી શકાય કે, અમેરિકાની સત્તા ફરીવાર ટ્રમ્પાના હાથમાં આવી શકે છે. ટ્રમ્પ પણ હોશિયાર છે. ચૂંટણી અને ડિબેટના માહોલ વચ્ચે તેઓ સતત ચર્ચામાં છે. તેઓ તેમના પર દાખલ થયેલા કેસાના કારણે લાઈમલાઈટમાં છે. ચૂંટણીમાં એવુ પણ બનતુ હોય છે કે, તમારી પાસે કોઈ સારા મુદ્દા નથી તો તમારા નેગેટિવ મુદ્દાને ચગાવીને પણ તમે લોકોના માનસ પર રાજ કરી શકો છે. ભલે તમારી પાસે ભવિષ્યની કોઈ યોજના ન હોય પણ હમેશા ચર્ચામાં રહીને પણ ચૂંટણી જીતી શકાય છે. કંઈક આવુ હાલ અમેરિકામાં થઈ રહ્યુ છે. અને આ કામ બીજુ કોઈ નહીં પણ ખૂદ ટ્રમ્પ જ કરી રહ્યા છે.




અમેરિકન પ્રેસિડેન્ટની ચૂંટણીમાં ફરી એક વખત ઈતિહાસનું પુનરાવર્તન થાય તેવી શક્યતા છે. કારણ કે આ વખતે પણ જો બાઈડન અને ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે મુકાબલો થવાનો છે. બાઈડન અને ટ્રમ્પે પોતપોતાની પાર્ટીની પ્રાઈમરી જીતી લીધી છે. તેથી આ બંને વ્યક્તિ યુએસ પ્રેસિડન્ટ બનવા માટે ટક્કર લેશે. અમેરિકાના પ્રમુખ રહી ચૂકેલા ટ્રમ્પ પર કેટલાય ગોટાળાના આરોપો છે. તેઓ ચૂંટણી હારી ગયા ત્યારે તેમણે પોતાના સમર્થકોને પાનો ચઢાવ્યો હતો જેના કારણે હજારો લોકો કેપિટલ હિલ પર ધસી ગયા હતા. તેના કારણે ટ્રમ્પ પર હિંસા ફેલાવવાનો આરોપ લાગ્યો છે. વર્ષ 2020માં પણ ટ્રમ્પ અને જો બાઈડન વચ્ચે જ હરીફાઈ હતી. ટ્રમ્પની ઉંમર અત્યારે 77 વર્ષ છે જ્યારે બાઈડન 81 વર્ષના છે. ટ્રમ્પે ઘણી વખત બાઈડનની ઉંમરની મજાક ઉડાવી છે અને આરોપ મૂક્યો છે કે બાઈડનને કંઈ યાદ રહેતું નથી.

ટ્રમ્પને પણ ઘણા રાજ્યોમાં સારું સમર્થન મળી રહ્યુ છે. ટ્રમ્પના હરીફ અને ભારતીય મૂળના નિક્કી હેલી આ રેસમાંથી બહાર થઈ ગયા છે. અગાઉ ભારતીય મૂળના વિવેક રામાસ્વામીએ ટ્રમ્પને પોતાનું સમર્થન જાહેર કર્યું છે. અમેરિકન પ્રેસિડન્ટ રહી ચૂકેલા ટ્રમ્પ એક તરંગી વ્યક્તિ ગણવામાં આવે છે જેઓ ક્યારે શું કરશે તે કોઈ કહી શકે તેમ નથી. ડોનાલ્ડ ટ્રમ્પ સામે બે-ચાર નહીં પણ પૂરા 90 આરોપો છે. તેમની સામે 2020ની ચૂંટણીને નિષ્ફળ બનાવવાનો ગંભીર આરોપ મૂકાયો હતો. તો બીજી તરફ ટ્રમ્પે એક નિવેદનમાં જણાવ્યુ હતુ કે, મને પ્રેસિડન્ટ તરીકે ચૂંટવામાં નહીં આવે તો બ્લડબાથ સર્જાશે. અગાઉ તેના ટેકેદારોએ અમેરિકન સંસદ પર હુમલો કર્યો હતો તે ઘટના સૌને યાદ છે. ટ્રમ્પનો ઈશારો કદાચ અમેરિકન ઓટો ઈન્ડસ્ટ્રી તરફ હતો. આમ કહેવા પાછળ ટ્રમ્પનો ઈરાદો શું હતો તે નક્કી નથી. પણ જનતા જનાર્દન પોતાના રાષ્ટ્રપતિની પસંદગી મતથી કરશે.




**Gadgets ગુરૂ**

## Lexus LM 350h લક્ઝુરિયસ MPV ભારતમાં લોન્ચ

જાપાની ઓટોમેકર Lexusએ તેની લોકપ્રિય લક્ઝુરિયસ MPV Lexus LM 350h ભારતીય બજારમાં લોન્ચ કરી છે. Lexus LM 350h એ કંપનીનું ફ્લેગશિપ મોડલ છે અને તે દેશની સૌથી મોંઘી MPV છે. કંપનીએ આ કારને બે વેરિયન્ટમાં લોન્ચ કરી છે. કારના 7 સીટર બેઝ વેરિયન્ટની કિંમત 2 કરોડ રૂપિયા અને 4 સીટર ટોપ વેરિઅન્ટની કિંમત 2.50 કરોડ રૂપિયા (બંને કિંમત એક્સ-શોરૂમ) રાખવામાં આવી છે.

- ડિજિટલ ડ્રાઈવર ડિસ્પ્લે
- 14-ઈંચની ઈન્ફોટેનમેન્ટ સિસ્ટમ
- આરામ માટે ઓટોમન સીટ
23-સ્પીકર સરાઉન્ડ સાઉન્ડ સિસ્ટમ
- પિલો-સ્ટાઈલ હેડરેસ્ટ
64-કલર એમ્બિયન્ટ લાઈટિંગ
- 10-ઈંચ હેડ-અપ ડિસ્પ્લે
ગરમ અને વેન્ટિલેટેડ ફ્રન્ટ સીટ

# USના ઓહાયોમાં ભારતીય વિદ્યાર્થીનું અપહરણ કરાયું

## પિતા પાસે એક લાખ રૂપિયાની ખંડણી માગી, કિડની વેચી મારવાની ધમકી આપી

■ ઓહાયો

અમેરિકામાં એક ભારતીય વિદ્યાર્થીનું અપહરણ કરવામાં આવ્યું છે. હૈદરાબાદમાં રહેતા તેના પિતા પાસેથી કિડનેપર્સે લગભગ એક લાખ રૂપિયાની ખંડણી માગી છે. તેઓએ એવી ધમકી પણ આપી છે કે જો પૈસા નહીં મોકલવામાં આવે અથવા પોલીસને જાણ કરવામાં આવશે તો તેઓ વિદ્યાર્થીની કિડની વેચી દેશે. 25 વર્ષીય અબ્દુલ મોહમ્મદ ઓહાયોની ક્લીવલેન્ડ યુનિવર્સિટીમાં માસ્ટર્સનો અભ્યાસ કરી રહ્યો હતો. તે મે 2023માં અમેરિકા ગયો હતો. તેમના પરિવારનું કહેવું છે કે તેઓએ 7 માર્ચથી અબ્દુલ સાથે વાત કરી નથી. અબ્દુલના પિતા મોહમ્મદ સલીમને ગયા અઠવાડિયે અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે કહ્યું કે તેના પુત્રનું અપહરણ કરવામાં આવ્યું છે. ક્લીવલેન્ડમાં ડ્રગ ડીલરો દ્વારા અપહરણ કરવામાં આવ્યું હતું. તેમણે વિદ્યાર્થીને છોડાવવા માટે લગભગ 1 લાખ રૂપિયાની માંગણી કરી છે.

## પૈસા કેવી રીતે મોકલવા તે અંગે જણાવ્યું નથી



**અબ્દુલના પિતાના કહેવા પ્રમાણે,**


અપહરણકારોએ તેને પૈસા કેવી રીતે મોકલવા તે જણાવ્યું ન હતું. તેમણે કહ્યું કે અપહરણકર્તાઓએ એ ઉલ્લેખ કર્યો નથી કે તેઓને ઓનલાઈન પૈસા જોઈએ છે કે રોકડમાં. અપહરણકર્તાના ફોન બાદ પિતાએ અમેરિકામાં રહેતા તેના સંબંધીઓને ફોન કરીને સમગ્ર ઘટના જણાવી હતી. સંબંધીઓએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, અબ્દુલ છેલ્લે સફેદ ટી-શર્ટ, લાલ જેકેટ અને વાદળી જીન્સ પહેરીને જોવા મળ્યો હતો. પરિવારે શિકાગો સ્થિત ભારતીય દૂતાવાસને પત્ર લખીને મદદ માગી છે.

અમેરિકામાં છેલ્લા 6 મહિનામાં ભારતીય વિદ્યાર્થીઓ અને લોકો પર હુમલાની ઘટનામાં ધરખમ વધારો થયો છે. જેના કારણે ભારતમાં રહેતા તેમના વાલીઓમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. આ અંગે વારંવાર રજૂઆત થતાં સરકારે કોઈ જ પગલાં લીધા નથી.જેના કારણે હુમલાખોરોને જાણે છૂટો દોર મળી ગયો હોય તેવું લાગી રહ્યું છે. ત્યારે આ અંગે સરકારે કંઈક નક્કર પગલાં લેવાની જરૂર છે.

**અમેરિકામાં ભારતીયો અને ભારતીયોના મૃત્યુના કેસમાં વધારો થયો** છેલ્લા કેટલાક મહિનામાં અમેરિકામાં ભારતીયોના મોતની ઘટનાઓ સતત વધી રહી છે. આ વર્ષના પ્રથમ 2 મહિનામાં અમેરિકામાં 5 ભારતીય વિદ્યાર્થીઓ અને 3 ભારતીય મૂળના લોકોના મોત થયા છે. વ્હાઈટ હાઉસે પણ ગયા મહિને ભારતીયોના મોત પર નિવેદન જાહેર કર્યું હતું. વ્હાઈટ હાઉસ નેશનલ સિક્યોરિટી કાઉન્સિલના પ્રવક્તા જોન કિર્બીએ કહ્યું- અમેરિકામાં જાતિ, લિંગ અથવા અન્ય કોઈ આધાર પર હિંસા સ્વીકારવામાં આવશે નહીં. રાષ્ટ્રપતિ જો બિડેન અને તેમનું વહીવટીતંત્ર આ હુમલાઓને રોકવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરી રહ્યા છે.

## NEWS FILE

### ‘જો હું ના ચૂંટાયો તો લોહિયાળ મારામારી થશે’ ડોનાલ્ડ ટ્રમ્પની ચીમકી



વોશિંગ્ટનઃ અમેરિકામાં રિપબ્લિકન પાર્ટીના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પે ચૂંટણી રેલીમાં અમેરિકનોને ચેતવણી આપી હતી. અમેરિકાના ઓહાયો રાજ્યમાં એક ચૂંટણી રેલીને સંબોધતા ટ્રમ્પે કહ્યું કે, ‘જો હું ચૂંટણી નહીં જીતું તો દેશમાં લોહિયાળ જંગ થશે.’ ટ્રમ્પ અમેરિકાની ઓટો ઈન્ડસ્ટ્રી પર તોળાઈ રહેલા જોખમો પર વાત કરી રહ્યા હતા. આ દરમિયાન અચાનક જ તેમણે લોહિયાળ જંગની વાત કરી. ટ્રમ્પે કહ્યું, ‘5 નવેમ્બરની તારીખ યાદ રાખજો, મને લાગે છે કે આ આપણા ઈતિહાસની સૌથી મહત્વપૂર્ણ તારીખ હશે.’ અમેરિકન મીડિયા હાઉસ ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર, 90 મિનિટના ભાષણમાં ટ્રમ્પે શરણાર્થીઓ વિશે કહ્યું કે તેઓ મનુષ્ય નથી. ટ્રમ્પે એ લોકોની પ્રશંસા કરી કે જેમણે 2020માં રાષ્ટ્રપતિની ચૂંટણીના પરિણામો સ્વીકારવાનો ઈનકાર કર્યો અને 6 જાન્યુઆરી, 2021ના રોજ સંસદ પર હુમલો કર્યો. તેમણે દાવો કર્યો હતો કે 2020ની ચૂંટણી તેમની પાસેથી ચોરી કરવામાં આવી હતી. ડોનાલ્ડ ટ્રમ્પે ઓહાયોમાં તેમના સમર્થકોને કહ્યું કે જો તે આ વર્ષની ચૂંટણી જીતશે નહીં, તો તેમને લાગતું નથી કે આગળ ચૂંટણી થશે.

### ટ્રમ્પની મુશ્કેલીમાં વધારો, ફ્રોડ કેસની પતાવટ માટે 46.4 કરોડ ડોલરના બોન્ડ બાકી

ન્યૂયોર્ક : સિવિલ ફ્રોડ કેસની પતાવટ માટે ૪૬.૪ કરોડ ડોલરના બોન્ડ ભરવામાં અમેરિકાના પૂર્વ ડોનાલ્ડ ટ્રમ્પને ભારે મુશ્કેલી પડી રહી છે તેમ તેમના વકીલે ન્યૂ એપલેટ કોર્ટને જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે જજ આર્થર એન્ગોરોને ફેબ્રુઆરીમાં નાગરિક છેતરપિંડી કેસમાં ટ્રમ્પ અને તેમની કંપનીઓ પર કુલ ૪૬.૪ કરોડ ડોલરનો દંડ ફટકાર્યો હતો. આ આદેશમાં ટ્રમ્પને વ્યાજ ચુકવવા પણ જણાવવામાં આવ્યું હતું.કોર્ટે ટ્રમ્પને ન્યૂયોર્કની કોઇ પણ કંપનીનું નેતૃત્ત્વ કરવા ઉપર પણ ત્રણ વર્ષનો પ્રતિબંધ મૂકી દીધો છે. તેમના પુત્રો ડોનાલ્ડ ટ્રમ્પ જુનિયર અને એરિક ટ્રમ્પને પણ ૪૦ લાખ ડોલરનો દંડ ફટકારવામાં આવ્યો હતો અને તેમના ઉપર પણ બે વર્ષનો પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ટ્રમ્પ ઓર્ગેનાઈઝેશનના જનરલ વકીલ એલન ગાર્ટેનના જણાવ્યા અનુસાર ૪૬.૪ કરોડ ડોલરના બોન્ડ મેળવવામાં ટ્રમ્પ ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે. બોન્ડ માટે ટ્રમ્પને તેમની રિયલ એસ્ટેટનો ઉપયોગ કોલેટરલ તરીકે કરવો પડશે.

# અમેરિકામાં ભારતીય મૂળના વિદ્યાર્થીની ફરી હત્યાની ઘટના

## સતત મોતના કારણે સરકાર પર અનેક સવાલો

■ બોસ્ટન



અમેરિકામાં ભારતીય મૂળના વિદ્યાર્થીઓના મોતના મામલા વધી રહ્યા છે. હવે અમેરિકાના બોસ્ટનમાં ભારતીય મૂળના વિદ્યાર્થીનું રહસ્યમય સંજોગોમાં મોત થયું છે. જોકે, પ્રાથમિક તપાસમાં કંઈ ખોટું જણાયું નથી. પરંતુ તેમ છતાં અલગ-અલગ કેસમાં ભારતીય વિદ્યાર્થીઓના સતત મોતને કારણે અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે. બોસ્ટનમાં મૃત્યુ પામેલા ભારતીય વિદ્યાર્થીનું નામ અભિજીત પરચુરુ (20) છે. અભિજીતના માતા-પિતા, મૂળ આંધ્રપ્રદેશના, કનેક્ટિકટ, યુએસએમાં રહે છે અને અમેરિકન અને ભારતીય દૂતાવાસના અધિકારીઓ સાથે સીધા સંપર્કમાં છે. કહેવામાં આવી રહ્યું છે કે પરચુરુના અંતિમ સંસ્કાર તેમના વતન તેનાલીમાં કરવામાં આવ્યા છે. ટીમ એઈડ, અમેરિકામાં કાર્યરત એનજીઓ, પરચુરુના નશ્વર અવશેષોને ભારતમાં લાવવામાં મદદ કરી છે. વર્ષ 2024 ની શરૂઆતથી અત્યાર સુધીમાં અમેરિકામાં ભારતીય મૂળના અડધા ડઝનથી વધુ વિદ્યાર્થીઓના વિવિધ કારણોસર મોત થયા છે.

# ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસે ટ્રમ્પ પર કર્યો વળતો પ્રહાર

## ટ્રમ્પ લોકશાહી અને અભિવ્યક્તિની આઝાદી માટે સૌથી મોટો ખતરો

■ વોશિંગ્ટન



અમેરિકામાં આ વર્ષે થનારી રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલા વાક યુધ્ધ વધારેને વધારે ઉગ્ર બની રહ્યુ છે. ડોનાલ્ડ ટ્રમ્પ અને જો બાઈડેન વચ્ચે ફરી એક વખત મુકાબલો થાનો છે ત્યારે અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસે ટ્રમ્પ પર નિશાન સાધીને તેમને લોકશાહી તેમજ અભિવ્યક્તિની આઝાદી સામેનો સૌથી મોટો ખતરો ગણાવ્યા છે. સોશિયલ મીડિયા પર હેરિસે કહ્યુ હતુ કે, ડોનાલ્ડ ટ્રમ્પ લોકશાહી માટે મોટામાં મોટો ખતરો છે. આ વખતની ચૂંટણીમાં હું અને રાષ્ટ્રપતિ બાઈડન ફરી લોકોના મતાધિકારની રક્ષા કરીશું તેમજ અમેરિકામાં વ્યાપક બની રહેલા ગન કલ્ચરના કારણે થઈ રહેલી હિંસા પર પણ વાત કરીશું. કમલા હેરિસનુ નિવેદન ડોનાલ્ડ ટ્રમ્પના એક વિવાદિત નિવેદન પછી આવ્યુ છે. ટ્રમ્પના નિવેદન પર રાષ્ટ્રપતિ બાઈડનના પ્રવક્તા જેમ્સ સિંગરે પણ કહ્યુ હતુ કે, ટ્રમ્પ 6 જાન્યુઆરી, 2021ની ઘટનાનુ ફરી પુનરાવર્તન કરવા માંગે છે.

# 2023 અત્યાર સુધીનું સૌથી ગરમ વર્ષ

**« UNએ રિપોર્ટમાં કહ્યું- પૃથ્વીનું અસ્તિત્વ જોખમમાં ગ્લેશિયર્સ ખૂબ જ ઝડપથી પીગળી રહ્યા છે...**

## ગ્રીન હાઉસ ગેસ વધી રહ્યા છે જે પર્યાવરણ માટે જોખમી

■ વોશિંગ્ટન

યુએન ક્લાઈમેટ રિપોર્ટમાં 2023ને અત્યાર સુધીનું સૌથી ગરમ વર્ષ ગણાવ્યું છે. તે વિશ્વ હવામાન સંસ્થા (WMO) દ્વારા જારી કરવામાં આવ્યું છે. આ મુજબ ગ્રીન હાઉસ ગેસ વધી રહ્યા છે અને તે પર્યાવરણ માટે ખૂબ જ ગંભીર ખતરો ઉભો કરી રહ્યા છે. આ સિવાય ગ્લેશિયર ઝડપથી પીગળી રહ્યા છે. તેનું કારણ પણ તાપમાનમાં વધારો છે. આ અહેવાલના પરિણામો સ્પષ્ટપણે જણાવે છે કે આ આબોહવા સંબંધિત સમસ્યાઓના કારણે પૃથ્વીનું અસ્તિત્વ ખતરો બની ગયું છે અને તે વિનાશના આરે છે. .રિપોર્ટમાં અનેક ઘટનાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ઉદાહરણ તરીકે વિશ્વના ઘણા ભાગોમાં હવામાનમાં મોટા ફેરફારો નોંધાયા હતા. ઉદાહરણ તરીકે કેટલીક જગ્યાએ ગરમીનું મોજું હતું અને કેટલીક જગ્યાએ પૂર આવ્યું હતું. કેટલીક જગ્યાએ દુષ્કાળ પડ્યો હતો અને અન્ય સ્થળોએ જંગલમાં ભારે આગ લાગી હતી. બાકીનું કામ તોફાનો દ્વારા પૂર્ણ કરવામાં આવ્યું હતું.

## WMO રિપોર્ટમાં શું છે ખાસ?

**યુએન ચીફે કહ્યું- આપણે વિનાશના આરે છીએ** આ અહેવાલ સામે આવ્યા બાદ યુએનના મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. કહ્યું- આ રિપોર્ટ એકદમ સ્પષ્ટ કરે છે કે આપણો ગ્રહ વિનાશની આરે છે. પૃથ્વી આપણને જણાવી રહી છે કે સ્થિતિ કેટલી ખરાબ થઈ ગઈ છે. જે સ્તરે પ્રદૂષણ વધી રહ્યું છે તે સ્પષ્ટ કરે છે કે જો આપણે ફેરફારો કરવા માંગતા હોય તો તે ખૂબ જ ઝડપથી કરવા પડશે. યુરોપિયન યુનિયનની કોપરનિકસ સર્વિસ અનુસાર માર્ચ 2023થી ફેબ્રુઆરી 2024 દરમિયાન તાપમાનમાં લગભગ દોઢ ડિગ્રીનો વધારો થયો હતો.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ગ્રીન હાઉસ ગેસ વધી રહ્યા છે. છેલ્લો દાયકા સૌથી ગરમ રહ્યો છે. જમીન અને પાણીનું તાપમાન ઝડપથી વધી રહ્યું છે. વિશ્વના ઘણા ભાગોમાં ચાલી રહેલી ગરમીના કારણે સમુદ્રનું તાપમાન વધી રહ્યું છે. આ કારણે સૌથી મોટો ખતરો ગ્લેશિયર્સ માટે છે, કારણ કે આ વધતા તાપમાનને કારણે તેમના પીગળવાની પ્રક્રિયામાં નોંધપાત્ર વધારો થયો છે. જેના કારણે પર્યાવરણનું સંતુલન બગડ્યું છે. રિપોર્ટ તૈયાર કરવા માટે 10 વર્ષનો ડેટા એકત્રિત કરવામાં આવ્યો હતો. તેના વિશ્લેષણથી એ પણ સ્પષ્ટ થાય છે કે છેલ્લો દાયકો સદીનો સૌથી ગરમ દાયકો હતો. જો અત્યારે પણ આમાંથી બોધપાઠ નહીં લેવાય તો આપણા ગ્રહને બચાવવાનો માર્ગ શોધવો મુશ્કેલ બની જશે.

# USમાં રહેતા ભારતીયોની FBIને ફરિયાદ

## અમેરિકાની ધરતીથી ભારતમાં આતંક ફેલાવવામાં આવી રહ્યો છે જે બંને દેશની વધારી શકે છે મુશ્કેલી

### ખાલિસ્તાનીઓ અમારી સ્કુલો- દુકાનો પર આવીને ધમકી આપી રહ્યા છે: ભારતીયોની ફરિયાદમાં ઉલ્લેખ



■ કેલિફોર્નિયા

અમેરિકામાં રહેતા ભારતીય મૂળના નાગરિકોએ FBI, જસ્ટિસ ડિપાર્ટમેન્ટ અને કેલિફોર્નિયાની સિલિકોન વેલીની સ્થાનિક પોલીસ સાથે બેઠક યોજી હતી. આ દરમિયાન તેમણે કહ્યું કે અમેરિકન જમીનનો ઉપયોગ ભારત વિરુદ્ધ આતંકવાદી હુમલા માટે કરવામાં આવી રહ્યો છે. આ દરમિયાન હિન્દુ અને જૈન મંદિરો વિરુદ્ધ હેટ ક્રાઈમના મુદ્દે પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. આ બેઠકમાં લગભગ 25 ભારતીય-અમેરિકન નાગરિકો હાજર રહ્યા હતા. તેમણે કહ્યું- મંદિરો પર હુમલામાં અચાનક વધારો થયો છે, જેના કારણે અહીં રહેતા મુળ ભારતીયો ભયભીતમાં છે.

ખાલિસ્તાની સમર્થકો સ્કૂલો અને દુકાનોની બહાર ટ્રક ઉભી રાખીને ભારતીયોને ડરાવવા-ધમકાવવાના પ્રયાસ કરે છે. આ દરમિયાન ખાલિસ્તાની સંગઠન શીખ ફોર જસ્ટિસ (SFJ)નો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો, જેની સ્થાપના ગુરપતવંત સિંહ પન્નુએ કરી હતી. બેઠકમાં જણાવવામાં આવ્યું હતું કે પન્નુના સમર્થકો અમેરિકામાં સૌથી વધુ હિન્દુ અને ભારત વિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ રહે છે. ભારતીય સમુદાયના લોકોએ પણ પન્નુ દ્વારા વારંવાર જાહેર કરવામાં આવતા ઉશ્કેરણીજનક અને ધમકીભર્યા ભાષણો સામે પગલાં લેવાની માંગ કરી હતી.

## એજન્સીઓ આતંકવાદીઓ-ખાલિસ્તાનીઓ વિરુદ્ધ કાર્યવાહી નથી કરી રહી

બેઠક દરમિયાન ભારતીય-અમેરિકનોએ પણ નારાજગી વ્યક્ત કરી હતી કે એફબીઆઈ અને પોલીસ જેવી એજન્સીઓ આવા લોકો સામે કોઈ કાર્યવાહી કરી રહી નથી. તેમાં એવા લોકો પણ સામેલ છે જેમણે હાલમાં સાન ફ્રાન્સિસ્કોમાં ભારતીય દૂતાવાસને સળગાવવાનો પ્રયાસ કર્યો હતો અને ડિપ્લોમેટ્સને ખુલ્લેઆમ ધમકી આપી હતી. બેઠકમાં ભાગ લેનાર એક ભારતીયે FBIને જણાવ્યું કે ખાલિસ્તાન સમર્થકો ખુલ્લેઆમ એર ઈન્ડિયાના વિમાનોને ઉડાવી દેવાની ધમકી આપી રહ્યા છે. ખાલિસ્તાનીઓ બેનરો પર લખેલા હિન્દુઓને નિશાન બનાવતા સંદેશાઓ સાથે ફરે છે.

### અમેરિકામાં ભારતીયોના મૃત્યુના કેસમાં વધારો થયો:

બીજી તરફ FBI એ કહ્યું કે તેમની પાસે ખાલિસ્તાનીઓની પ્રવૃત્તીઓ વિશે કોઈ માહિતી નથી. બેઠકમાં, જસ્ટિસ ડિપાર્ટમેન્ટે એક કાર્યકારી જૂથ બનાવવાનું વચન આપ્યું હતું, જે ધાર્મિક સ્થળો પર સુરક્ષા વ્યવસ્થાને મજબૂત કરવા માટે કામ કરશે. આ કાર્યકારી જૂથમાં ભારતીય સમુદાય સાથે જોડાયેલા ઘણા લોકોને પણ સામેલ કરવામાં આવશે. અમેરિકામાં ભારતીયોના મૃત્યુના કેસમાં વધારો થયો છે છેલ્લા કેટલાક મહિનામાં અમેરિકામાં ભારતીયોના મોતની ઘટનાઓ સતત વધી રહી છે. આ વર્ષના પ્રથમ 2 મહિનામાં અમેરિકામાં 5 ભારતીય વિદ્યાર્થીઓ અને 3 ભારતીય મૂળના લોકોના મોત થયા છે. વ્હાઈટ હાઉસે પણ ગયા મહિને ભારતીયોના મોત મામલે નિવેદન જાહેર કર્યું હતું. વ્હાઈટ હાઉસ નેશનલ સિક્યોરિટી કાઉન્સિલના પ્રવક્તા જોન કિર્બીએ કહ્યું- અમેરિકામાં જાતિ, લિંગ અથવા અન્ય કોઈ આધાર પર હિંસા સ્વીકારવામાં આવશે નહીં. રાષ્ટ્રપતિ જો બાઈડન અને તેમનું વહીવટીતંત્ર આ હુમલાઓને રોકવા માટે પુરતા પ્રયાસ કરી રહ્યા છે.



### કેલિફોર્નિયામાં ઘણા ગુરુદ્વારાઓ પર ખાલિસ્તાની


પંજાબને ભારતથી અલગ દેશ બનાવવા માટે SJFએ 28 જાન્યુઆરીએ કેલિફોર્નિયાના સાન ફ્રાન્સિસ્કોમાં ખાલિસ્તાન જનમતનું આયોજન કર્યું હતું. કેલિફોર્નિયામાં 2.50 લાખથી વધુ શીખો રહે છે. અહીં સેન જોન્સ ગુરુદ્વારા, ગુરુદ્વારા ફ્રેમોન્ટ, અલ સોબ્રેન્ટ, રોસવિલે અને યુવા સિટી જેવા ઘણા ગુરુદ્વારા છે. ઘણા ગુરુદ્વારાઓની મેનેજમેન્ટ કમિટીઓ પર ખાલિસ્તાની સમર્થકોનો કબજો છે. ગુરુદ્વારા ફ્રેમોન્ટ સાહિબ પર ખાલિસ્તાનના સમર્થક શીખ ફોર જસ્ટિસની મદદ કરવાના આરોપ છે.

**અમેરિકાએ ખાલિસ્તાની સમર્થકોની તપાસ કરવી જોઈએઃ થિંક ટેન્ક :** ખાલિસ્તાન સેપરેટિસ્ટ એક્ટિવિઝમ ઈન અમેરિકા'માં કહ્યું હતું કે અમેરિકામાં ઘણા ગુરુદ્વારા હવે ઉગ્રવાદ અને હિંસાનું જન્મસ્થળ બની ગયા છે.

## અદાણી ગ્રૂપ સામે અમેરિકામાં તપાસ શરૂ!

### લાંચ લેવાના આરોપના આધારે તપાસ હાથ ધરવામાં આવી છે

■ ન્યૂયોર્ક



ગૌતમ અદાણીના અદાણી ગ્રુપ સામે અમેરિકામાં તપાસ ચાલી રહી છે. બ્લૂમબર્ગના રિપોર્ટ અનુસાર, આ તપાસ લાંચ લેવાના આરોપમાં શરૂ કરવામાં આવી છે. આ સમગ્ર મામલો એનર્જી પ્રોજેક્ટ સાથે જોડાયેલો હોવાનું કહેવાય છે. અધિકારીઓ એ જાણવાનો પ્રયાસ કરી રહ્યા છે કે શું અદાણી ગ્રૂપ કે તેના સહયોગીઓ ઉર્જા પ્રોજેક્ટમાં તેમના ઈચ્છિત કામ કરાવવા માટે ભારતીય અધિકારીઓને લાંચ આપવામાં સામેલ હતા કે કેમ. ભારતીય રિન્યુએબલ એનર્જી કંપની એઝ્યુર પાવર ગ્લોબલ લિમિટેડ પણ આ તપાસના દાયરામાં સામેલ છે. ગયા વર્ષની શરૂઆતમાં અમેરિકન શોર્ટ સેલિંગ કંપની 'હિંડનબર્ગ રિસર્ચ'એ અદાણી ગ્રુપ વિરુદ્ધ એક રિસર્ચ પેપર બહાર પાડ્યું હતું. આમાં અદાણી ગ્રુપને મોટું નુકસાન વેઠવું પડ્યું હતું. હિંડનબર્ગ રિસર્ચે અદાણી ગ્રૂપ પર તેના શેરના ભાવ સાથે ચેડા કરવાનો આરોપ મૂક્યો હતો. જોકે, અદાણી ગ્રુપે હિંડનબર્ગના આ અહેવાલને સંપૂર્ણપણે ફગાવી દીધો હતો.

## ગ્લોબલ સાઉથના દેશો સીટ વિના, અધિકાર વિના અને અવાજ વિના આવે છે અને પછી જતા રહે છે

### ભારતે કહ્યું- UNSCને 21મી સદી માટે યોગ્ય બનાવો

■ જીનિવા

ભારતે ફરી એકવાર UNSCમાં ફેરફારનો મુદ્દો ઉઠાવ્યો છે. યુએનમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ રુચિરા કંબોજે કહ્યું- ગ્લોબલ સાઉથના દેશો UNSCમાં બેઠક વિના, અધિકાર વિના અને અવાજ વિના આવે છે અને પછી જતા રહે છે. અમે આ સ્વીકારી શકતા નથી. રુચિરાએ કહ્યું- UNSCના મોટા ભાગના સ્થાયી સભ્યો પોતે માને છે કે કાઉન્સિલમાં વધુ સભ્યોનો સમાવેશ કરીને જ એને 21મી સદી માટે લાયક બનાવી શકાય છે. આપણે એ સમજવાની જરૂર છે કે જે દેશ હાલમાં યુએનએસસીના સ્થાયી સભ્યો છે તેઓ 20મી સદીના રાજકારણના આધારે ચૂંટાયા હતા, પણ હવે જમાનો બદલાઈ ગયો છે.




ભારતીય પ્રતિનિધિએ કહ્યું- આવી સ્થિતિમાં કાઉન્સિલમાં સ્થાયી સભ્યોના કોન્સેપ્ટને નવો તર્ક આપવા માટે બદલવો પડશે. કાયમી સભ્યોની યાદીમાં નવા દેશોનાં નામ ઉમેરીને જ કાઉન્સિલને અસરકારક બનાવી શકાય છે. આ સિવાય ભારતે યુએનએસસીમાં સુધારા માટે રજૂ કરાયેલા યુનાઈટિંગ ફોર કન્સેન્સસ (યુએફસી) મોડલ પર પ્રશ્નો ઉઠાવ્યા હતા.યુએફસીમાં 12 દેશ અને 2 નિરીક્ષક છે, જેમાં ચીનનો સમાવેશ થાય છે. આ જૂથ યુએનએસસીમાં ફેરફારોનો વિરોધ કરી રહ્યું છે. એના પર ભારતે કહ્યું- આ મોડલ આફ્રિકા, લેટિન અમેરિકા અને એશિયાના દેશોનું પ્રતિનિધિત્વ કરતું નથી. તેમણે કહ્યું હતું- આફ્રિકા 54 દેશનો સમૂહ છે અને તે પોતે જ UNSCના વિસ્તરણની માગ કરે છે. યુએનએસસીમાં વિટોના આધારે કામ થતું નથી, પરંતુ UFC મોડલ કાઉન્સિલમાં સુધારાની સમગ્ર પ્રક્રિયાને વિટો આપવા માટે કામ કરી રહી છે.

લગભગ 10 દિવસ પહેલાં પણ ભારતે UNSCમાં ફેરફારની માગ ઉઠાવી હતી. ત્યારે ભારતીય પ્રતિનિધિ રુચિરાએ કહ્યું હતું- સુરક્ષા પરિષદમાં સુધારા પર ચર્ચા 1990ના દાયકામાં શરૂ થઈ હતી. વર્ષ 2000માં પહેલીવાર મિલેનિયલ સમિટમાં વિશ્વના નેતાઓએ UNSCમાં સુધારો કરવાનો સંકલ્પ કર્યો હતો. આ ઘટનાને લગભગ 25 વર્ષ વીતી ગયાં છે.


## અમેરિકામાંરાષ્ટ્રપતિનીચૂંટણીપહેલાગુગલનુંજીન્નફરીસામેઆવ્યું

### કંપની પર ઘણીવખત ચૂંટણીને પ્રભાવિત કરવાનો આરોપ લાગ્યો

■ વોશિંગ્ટન

અમેરિકામાં આ વર્ષે યોજાનારી રાષ્ટ્રપતિની ચૂંટણીને લઈને રાજકીય તાપમાન ચરમસીમાએ પહોંચી ગયું છે. નિક્કી હેલીના રેસમાંથી બહાર થયા બાદ રિપબ્લિકન પાર્ટીના ડોનાલ્ડ ટ્રમ્પ અને જો બાઈડન વચ્ચે જોરદાર ટક્કર જોવા મળી શકે છે. અમેરિકામાં ચૂંટણી પ્રચાર વચ્ચે ગૂગલ પર મોટો આરોપ લગાવવામાં આવ્યો છે. આરોપ છે કે ગૂગલે અમેરિકાની ચૂંટણીને એક વાર નહીં પરંતુ ઘણી વખત પ્રભાવિત કરવાનો પ્રયાસ કર્યો હતો. ભારતમાં દર 5માંથી 4 ઈન્ટરનેટ યુઝર્સ કોઈને કોઈ સ્વરૂપે ગૂગલનો ઉપયોગ કરે છે. આવી સ્થિતિમાં સવાલ એ છે કે જે રીતે ગૂગલ પર અમેરિકાની ચૂંટણીને પ્રભાવિત કરવાનો આરોપ લગાવવામાં આવ્યો છે, શું તે જ ખતરો ભારતીય ચૂંટણીમાં પણ છે? ગૂગલ 2008થી ઉદારવાદી અથવા ડાબેરી તરફી વિચારધારા માટે કામ કરી રહ્યું છે અને 2016માં ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા પછી આ કામ વધુ જોરદાર રીતે કરવામાં આવી રહ્યું છે.

### રિપોર્ટમાં ગૂગલ પર કયા આરોપો લગાવવામાં આવ્યા ?



અમેરિકામાં ફોક્સ ન્યૂઝે મીડિયા રિસર્ચ સેન્ટરના અભ્યાસના આધારે દાવો કર્યો છે કે ટેક કંપની ગૂગલે છેલ્લા 16 વર્ષમાં 41 વખત અમેરિકન ચૂંટણીમાં હસ્તક્ષેપ કર્યો છે અને તેમને પ્રભાવિત કરવાનો પ્રયાસ કર્યો છે. તે કહે છે કે છેલ્લી કેટલીક ચૂંટણીઓમાં ગૂગલનો પ્રભાવ ઝડપથી વધ્યો છે, આ અમેરિકાની લોકશાહી માટે નુકસાનકારક છે. ગૂગલે તેની પસંદગીના ઉમેદવારોને મદદ કરી, ખાસ કરીને એવા ઉમેદવારોને નુકસાન પહોંચાડ્યું જેઓ ડાબેરી વિરોધી હતા, એટલે કે જે ઉમેદવારો ડાબેરી વિચારધારાની વિરુદ્ધ હતા. આવા ઉમેદવારોને હરાવવાના પ્રયાસો હાથ ધરાયા હતા. MRCએ તેના અભ્યાસમાં વધુ એક મોટો દાવો કર્યો છે. ગૂગલના અધિકારીઓએ પોતે સ્વીકાર્યું છે.

### લોકસભાની ચૂંટણી માટે કોંગ્રેસ સજ્જ, અત્યાર સુધી 17 ઉમેદવારની જાહેરાત

# ગુજરાતમાં કોંગ્રેસે વધુ 11 ઉમેદવાર, 3 વર્તમાન ધારાસભ્યોને ટિકિટ આપી









## દાહોદમાં પ્રભાબેન, આણંદમાં અમિત ચાવડા, પાટણમાં ચંદનજી ઠાકોરનું નામ જાહેર કરાયું, બેઠક પર કાંટે કી ટક્કર

■ ગાંધીનગર

લોકસભાની ચૂંટણીને લઈ તમામ પાર્ટીઓમાં ઉમેદવારોની પસંદગી પર આખરી મહોર મારવાની જોરશોરથી તૈયારી ચાલી રહી છે. ગુજરાતમાં ભાજપે અત્યારસુધીમાં 22 ઉમેદવાર જાહેર કર્યા છે, જ્યારે કોંગ્રેસે 17 ઉમેદવાર જાહેર કર્યા છે તેમજ આમ આદમી પાર્ટીએ બે ઉમેદવાર જાહેર કર્યા છે કોંગ્રેસ ઉમેદવારોની વધુ એક યાદી બહાર પાડી છે. જેમાં ગુજરાતની 11 બેઠક પર કોંગ્રેસના 11 ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા છે. જેમાં દાહોદમાં પ્રભાબેન તાવિયાડ, ખેડામાં કાળુસિંહ ડાભી, પાટણમાં ચંદનજીનું નામ જાહેર કરવામાં આવ્યું છે.

### આ 7 બેઠક પર આ નામ પર મહોર મારવામાં આવી

1. છોટાઉદેપુર- સુખરામ રાઠવા
2. સાબરકાંઠા- તુષાર ચૌધરી
3. દાહોદ- પ્રભાબેન તાવિયાડ
4. આણંદ- અમિત ચાવડા
5. ખેડા- કાળુસિંહ ડાભી
6. પાટણ- ચંદનજી ઠાકોર
7. પંચમહાલ- ગુલાબસિંહ ચૌહાણ

### અમદાવાદ પૂર્વ બેઠકના ઉમેદવારનો ચૂંટણી લડવા ઈનકાર

સાતેય સંભવિત ઉમેદવારોને ફોન કરી પ્રચારકામમાં લાગી જવા હાઈકમાન્ડે સૂચના આપી હોવાનું કહેવાયું હતું. ગુજરાતની અન્ય બેઠકો માટે કોંગ્રેસે બીજી યાદી જાહેર કરી છે. અગાઉ ગુજરાતની 7 બેઠક પર કોંગ્રેસે ઉમેદવારોનાં નામ જાહેર કર્યા હતા. 7 બેઠક પૈકી અમદાવાદ પૂર્વ બેઠકના ઉમેદવાર રોહન ગુપ્તાએ ચૂંટણી લડવા ઈનકાર કર્યો છે.

### I.N.D.I.A. ગઠબંધન અને ભાજપ વચ્ચે ચૂંટણીજંગ

ગુજરાતમાં I.N.D.I.A. ગઠબંધન અને ભાજપ વચ્ચે લોકસભામાં ચૂંટણીજંગ જામશે. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી (AAP) વચ્ચે બેઠકોની વહેંચણી થઈ ગઈ છે, જેમાં ગુજરાતની 24 બેઠક પર કોંગ્રેસ અને બે બેઠક ભરૂચ અને ભાવનગર પર AAP લડશે. જેમાં ભરૂચ બેઠક પર AAPના ઉમેદવાર ચૈતર વસાવા અને ભાવનગર બેઠક પર ઉમેશ મકવાણા ભાજપ સામે ચૂંટણી લડશે.

### કોંગ્રેસે ઉતારેલા ઉમેદવારો સક્ષમ, 3થી વધુ બેઠક પર જંગ

કોગ્રેસે આ વખતે ઉમેદવારોની પસંદગી વીણી-વીણીને કરી હોય તેવું લાગી રહ્યું છે. કેમ કે બનાસકાંઠા બેઠક પર ગેનીબહેન ઠાકોર મજબૂત ઉમેદવાર છે. તો વલસાડમાં ધારાસભ્ય અનંત પટેલ પણ સક્ષમ આદિવાસી નેતા છે. આ સિવાય ભરૂચ બેઠક પર આપના ચૈતર વસાવા પણ મનસુખ વસાવાને ટક્કર આપી શકે તેમ છે. 2 ટર્મથી તમામ બેઠકો જીતતી ભાજપને આ વખતે આંખે પાણી આવી જાય તેવું લાગે છે. કેમ કે ભાજપના ઉમેદવારો જ પોતાના નામ પાછા ખેંચી રહ્યા છે. જેમાં રંજનબેન ભટ્ટે નામ પાછું ખેંચવાની જાહેરાત કરી છે.

## NEWS FILE

### ઓછું મતદાનવાળા 40 બૂથ પર મતદાન વધે તેવો ECનો પ્રયાસ

ગાંધીનગરઃ લોકસભાની ચૂંટણી આગામી 7 મેના રોજ સમગ્ર રાજ્યમાં યોજાનાર છે, ત્યારે મહત્તમ મતદાન થાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વિવિધ કામ અર્થે નોડલની નિમણૂક કરીને તૈયારી હાથ ધરવામાં આવી છે. મતદાન જાગૃતિ અર્થે પણ જાહેર રેલી સહિતના કાર્યક્રમો કરવામાં આવી રહ્યાં છે, જો કે ગત વિધાનસભાની ચૂંટણીમાં ગાંધીનગર જિલ્લાના 40 જેટલાં બુથ પર 50 ટકાથી પણ ઓછું મતદાન થયેલું જોવાં મળ્યું હતું.આવા તમામ બુથ પર મતદાનની ટકાવારી 50 ટકાથી વધારામાં માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે.

### ટેકાના ભાવે રાયડાની ખરીદીનો ખેરાલુ-સતલાસણાને લાભ નહીં

ખેરાલુઃ રવિ સિઝનના ઉત્પાદનમાં ખેડૂતોને પૂરતા ભાવ મળી રહે તે માટે રાજ્ય સરકારે ટેકાના ભાવે રાયડો વગેરે ખરીદવાની જાહેરાત કરી હતી. પરંતુ ખેરાલુ અને સતલાસણા તાલુકામાં ટેકાના ભાવે રાયડો ખરીદવાનું એકપણ સેન્ટર શરૂ નહીં કરાતાં ખેડૂતો સસ્તાભાવે ગંજબજારમાં રાયડો વેચવા મજબૂર બન્યા છે. રવિ સિઝનમાં ખેડૂતોને ચણા, રાયડો અને તુવેર જેવા પાકનું યોગ્ય વળતર મળી રહે તે માટે ગત ફેબ્રુઆરી માસમાં ઓનલાઇન નોંધણી શરૂ કરી હતી અને 20મી ફેબ્રુઆરીથી ખરીદી શરૂ કરી હતી.

### પદયાત્રા રૂટ પરની નહેરોમાં પાણીનું લેવલ ઘટાડવામાં આવ્યું



આણંદઃ ફાગણી પૂનમે ડાકોર રણછોડજી મંદિર દર્શનાર્થે જતાં પદયાત્રિકો માટે ઉનાળામાં ગરમીમાં રાહત મળે તેવા હેતુથી રોડ પર થી પસાર થતી આણંદ -ખેડા જિલ્લાની કેનાલમાં પાણીના લેવલનો ઘટાડો કરવાનો તંત્રએ નિર્ણય કર્યો છે. ત્યારે યાત્રિઓ ડૂબી જવા જેવી ઘટના બંને નહીં તે માટે 24 માર્ચ સુધી રેગ્યુલર પાણી ઘટાડો કરાશે. જેનાથી પદપાત્રિકો કાળઝાળ ગરમીમાં સ્નાન કરી શકશે. તેમજ પોતાના કપડાં અને વાસણો ધોવાઈ શકે તેવું આયોજન કરાશે. ડાકોર ફાગણી પુનમે 5 લાખ ઉપરાંત જેટલા યાત્રિકો પગપાળા આવે છે. તેઓ ત્રણ ચાર દિવસ પહેલા ઘરેથી નીકળી ગયા હોય છે.

# વડોદરામાં રંજનબેન ભટ્ટે ઉમેદવારી પાછી ખેંચી

### છેલ્લા 10-12 દિવસથી બદનામી થતી હતી

■ વડોદરા



વડોદરા ભાજપમાં આંતરિક વિખવાદ વચ્ચે છેલ્લી 2 ટર્મના સાંસદ અને હાલમાં ઉમેદવાર એવા રંજનબેન ભટ્ટે શનિવારે સવારે ઉમેદવારી પાછી ખેંચી છે. એક અઠવાડિયાથી રંજનબેન ભાજપના નેતાઓના-કાર્યકરોના આક્ષેપો સામે ખુલાસા કરતા રહ્યા પરંતુ વિવાદ શમવાનું નામ લેતો નહોતો. જેના કારણે રંજનબેને ભારે હૈયે ટિકિટ પરત કરવાનો નિર્ણય લીધો છે. ઉમેદવારી પાછી ખેંચ્યા પછી રંજનબેને જણાવ્યું કે ઈશ્વર સમક્ષ થયુંકે હવે નથી લડવું. જ્યારે જ્યોતિબેન પંડ્યાએ જણાવ્યું હતું કે ઈશ્વર જે કરે છે તે સારા માટે જ કરે છે. મહત્વનું છેકે થોડા સમય પહેલાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ જ્યારે એક કાર્યક્રમમાં વડોદરા આવ્યા હતા ત્યારે તેમણે કહ્યું હતું કે એક બાજુ અમદાવાદ અને બીજી બાજુ સુરત છે. જ્યારે વડોદરા વચ્ચે છે. બંને બાજુ વિકાસ થયો પરંતુ વડોદરા વિકાસમાં કેમ રહી ગયું? વડોદરા વિકાસમાં પાછળ છે તેવી ટિપ્પણી કરી હતી. જેના કારણે વડોદરાના સાંસદના નાતે રંજનબેનને નીચાજોણું થઈ રહ્યું હતું.

# અમદાવાદ-લંડન રૂટ પર A350 ફ્લાઈટ શરૂ થશે

### 316 મુસાફરની ક્ષમતા, બિઝનેસ ક્લાસ સ્યૂટ

■ અમદાવાદ




અમદાવાદથી લંડન જનારા મુસાફરો માટે પણ સુખદ સમાચાર છે કે ઍર ઈન્ડિયા લંડનના ગેટવીક રૂટ પરથી A350-900 સીરિઝનું ઍરક્રાફ્ટ ઓપરેટ કરશે. હાલ ઍર ઈન્ડિયા આ રૂટ પર 256 મુસાફરોની ક્ષમતા ધરાવતું 787 ડ્રીમ લાઈનર ઓપરેટ કરે છે. આ વિમાનમાં ફક્ત 18 બિઝનેસ ક્લાસ સાથે 238 ઈકોનોમી ક્લાસ સીટ છે. જોકે તેમાં મુસાફરો માટે લક્ઝુરિયસ સીટની પણ સુવિધા નથી. હવે એર ઈન્ડિયા દ્વારા આગામી સમયમાં આવનારા નવી સીરિઝના 316 સીટર ઍરક્રાફ્ટમાં મુસાફરો 9 કલાકના અંતરમાં પ્રાઈવેટ બિઝનેસ સ્યુટ સાથે આરામદાયક મુસાફરીનો લાભ લઈ શકશે. અમદાવાદથી લંડન જતા મુસાફરોને આગામી 6 મહિનામાં જ આ નવા ઍરક્રાફટની સુવિધા મળશે. બીજી તરફ ઍર ઈન્ડિયાના જૂના ડ્રીમ લાઈનર વિમાનને વારાફરથી અપગ્રેડ કરવાની કામગીરી શરૂ કરાઈ છે. આમ, હવે લંડન જતા મુસાફરોને વધુ એક સુવિધા મળશે. જેનાથી મુસાફરો આરામથી અમદાવાદથી લંડનની મુસાફરી કરી શકશે

# ગુજરાતમાંથી ભાજપને કરોડોનું દાન મળ્યું « 2018થી 2023 સુધી ઈલેક્ટોરલ બોન્ડથી 382 કરોડની કમાણી

### અમદાવાદની કંપનીએ AAPને એક કરોડનું દાન આપ્યું

■ અમદાવાદ

લોકસભા ચૂંટણી 2019 વખતે ભાજપને માર્ચથી મે મહિના દરમિયાન ગુજરાતમાંથી 153.50 કરોડ અને વિધાનસભા ચૂંટણી 2022 વખતે ઓક્ટોબર-નવેમ્બરમાં 92.59 કરોડ રૂપિયા ઈલેક્ટોરલ બોન્ડ થકી દાનમાં મળ્યા હતા. ચૂંટણીપંચની વેબસાઈટ અનુસાર, 2018થી સપ્ટેમ્બર 2023 સુધી ભાજપને ગુજરાતમાંથી 382.61 કરોડ રૂપિયા ઈલેક્ટોરલ બોન્ડ દ્વારા મળ્યા હતા. આ દરમિયાન ગુજરાતમાંથી ભાજપને 749માંથી 598 બોન્ડ ગાંધીનગર SBI શાખામાંથી અને અન્ય બોન્ડ અમદાવાદમાંથી ઈશ્યુ થયા છે. એસોસિયેશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ(એડીઆર) સાથે કામ કરતા લોકેશ બત્રાની આરટીઆઇ મુજબ, 2018થી 2024 દરમિયાન દેશમાં સૌથી વધુ કિંમતના ઈલેક્ટોરલ બોન્ડ ઈશ્યુ કરવામાં ગુજરાત 629.87 કરોડ સાથે છઠ્ઠા ક્રમે છે. જ્યારે મુંબઈની મુખ્ય એસબીઆઇ શાખાએ સૌથી વધુ 4 હજાર કરોડના બોન્ડ ઈશ્યુ કર્યા છે.

### ભાજપને 1 કરોડના 355 બોન્ડ ઇશ્યુ થયા

| બોન્ડ કિંમત | સંખ્યા | કુલ કિંમત |
|---|---|---|
| 1 હજાર | 29 | 29 હજાર |
| 10 હજાર | 27 | 2.70 લાખ |
| 1 લાખ | 69 | 26.90 કરોડ |
| 10 લાખ | 269 | 26.90 કરોડ |
| 1 કરોડ | 355 | 355 કરોડ |
| કુલ | 749 | 382.62 કરોડ |

(2018થી સપ્ટેમ્બર 2023 સુધી)

**ઇલેક્ટોરલ બોન્ડથી રૂપિયા પક્ષને કેવી મળે?** એડીઆર ગુજરાતના કો-ઓર્ડિનેટર પંક્તિ જોગના જણાવ્યા મુજબ, જેમ બેન્કમાં ડીડી વટાવાની પ્રક્રિયા હોય છે તેવી જ પ્રક્રિયા ઈલેક્ટોરલ બોન્ડની છે. કોઈ વ્યક્તિ કે કંપની સરકારે નકકી કરેલી ઓથોરાઈઝ્ડ SBIની બ્રાન્ચમાંથી રૂપિયા આપી ઈલેક્ટોરલ બોન્ડ ખરીદે છે. ત્યારબાદ કંપની કે વ્યક્તિ તે બોન્ડ જે તે રાજકીય પક્ષને આપે છે. પક્ષ સત્તાવાર જાહેર થયેલી સ્ટેટ બેન્ક ઑફ ઈન્ડિયાની શાખામાં બોન્ડ વટાવે છે.

**વડોદરાની કંપનીએ સિક્કિમમાં 50 લાખ આપ્યા** ચૂંટણી પંચની વેબસાઈટ અનુસાર, વડોદરા સ્થિત એલેમ્બિક ફાર્માસ્યુટિકલ કંપનીએ ઓક્ટો.2018માં સિક્કિમ ડેમોક્રેટિક ફ્રન્ટને ઈલેક્ટોરલ બોન્ડ દ્વારા 50 લાખનું દાન કર્યું હતું. લોકસભા 2019 ચૂંટણી વખતે અમદાવાદની ટોરેન્ટ ફાર્માસ્યુટિકલ કંપનીએ આમ આદમી પાર્ટીને મે મહિનામાં 1 કરોડ રૂપિયા ઈલેક્ટોરલ બોન્ડ થકી દાન કર્યા હતા.

# ‘હાઈકમાન્ડે મને ટિકિટ આપી’

## સુરત બેઠક પર કોંગ્રેસે ફરી સૌરાષ્ટ્રીયન પર મહોર મારી | પાટીદાર નેતા નિલેશ કુંભાણીને મેદાનમાં ઉતારવા પડ્યા | 100% દોઢ લાખની લીડથી જીતવાનો દાવો કર્યો

**સુરત: સુરત લોકસભા બેઠક પર આખરે કોંગ્રેસ દ્વારા પોતાના ઉમેદવારની જાહેરાત કરી દીધી. હાઈકમાન્ડે સુરત બેઠક પર પહેલા પોતાને ટિકિટ આપી હોવાનો દાવો નિલેશ કુંભાણીએ કર્યો હતો અને તે સાચો સાબિત થયો છે. નિલેશ કુંભાણી સુરતમાં એક જાણીતો ચહેરો છે. તેમજ સૌરાષ્ટ્રીયન પાટીદારોમાં પણ નિલેશ કુંભાણીનું આગવું નામ છે. નિલેશ કુંભાણીએ જણાવ્યું હતું કે, પાર્ટીએ મારા પર વિશ્વાસ કરી ટિકિટ આપી છે તો 100 ટકા દોઢ લાખની લીડથી જીતીશ...**



### કોંગ્રેસ - આપ સાથે લડશે અને જીતશે

કોંગ્રેસના સુરત લોકસભાના ઉમેદવાર નિલેશ કુંભાણીએ જણાવ્યું કે, મારા પક્ષના નેતાઓ દ્વારા મારા ઉપર વિશ્વાસ બતાવ્યો છે તે બદલ હું તેમનો ખૂબ ખૂબ આભારી છું. અમારા સંગઠને પણ મને ખૂબ જ સહકાર આપ્યો છે અને આખરે મને લોકસભાની ચૂંટણી લડાવવા માટેનો નિર્ણય લીધો છે. કોંગ્રેસ પાર્ટી અને આમ આદમી પાર્ટી સાથે જે અમારું મજબૂત ગઠબંધન થયું છે તેનો પણ ખૂબ જ લાભ મળવાનો છે.

### રોજગારીને લઈને પણ અનેક પ્રશ્નો

વધુમાં જણાવ્યું હતું કે, રોજગારી, આરોગ્ય સહિતના અનેક મુદ્દાઓ છે. સુરત લોકસભા વિસ્તારની અંદર રત્નકલાકારોના અનેક મુદ્દાઓ છે. તેમને રોજગારીને લઈને પણ અનેક પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. લોકોને શિક્ષણ અને આરોગ્ય વિનામૂલ્યે મળે તે પ્રકારની અનેક વ્યવસ્થાઓ હજી થઈ નથી તે દિશામાં પણ કોંગ્રેસ પાર્ટી કામ કરવા ઈચ્છે રહી છે. મને આશા છે કે આ વખતે લોકસભાની ચૂંટણી ઓછામાં ઓછા 1.5 લાખ જેટલા મતથી અમે વિજયી થઈશું.

### ઉમેદવાર પસંદ કરવામાં કાસ્ટ ફેક્ટર

સુરત બેઠક પર ભારતીય જનતા પાર્ટી હંમેશાં મૂળ સુરતીની પસંદગી કરવા માટેનો આગ્રહ રાખે છે. લોકસભા બેઠક ઉપર કાસ્ટ ફેક્ટરને જોઈએ તો લોકસભાની ચૂંટણી માટે મૂળ સુરતી સૌરાષ્ટ્રીયનમાંથી એકની પસંદગી કરવાની હોય છે. રાજકીય સમીકરણની દૃષ્ટિએ આ કોંગ્રેસનો યોગ્ય નિર્ણય હોઇ શકે છે. પરંતુ નબળા સંગઠનને કારણે કોંગ્રેસ આ બેઠક સતત ગુમાવતી રહી છે. મૂળ સુરતી ઉમેદવારની સામે પાટીદાર ઉમેદવારને મેદાનમાં ઉતારવામાં આવે તો ખરેખર ચૂંટણી જંગ જામે છે.

### નિલેશ કુંભાણી બારડોલી લોકસભાના મતદાર

કોંગ્રેસ દ્વારા સુરત બેઠકો ઉપરથી નિલેશ કુંભાણીની પસંદગી કરવામાં આવી છે. જોકે, મહત્ત્વની બાબતે છે કે, નિલેશ કુંભાણી પોતે બારડોલી બેઠકના ઉમેદવાર છે તેઓ જે વિસ્તારમાં રહે છે તે કામરેજ બેઠક લાગે છે અને પુણા વિસ્તારમાં રહેતા હોવાથી સીમાંકનની દૃષ્ટિએ જોઈએ તો લોકસભામાં તેમનું રહેઠાણ આવે છે. તેના કારણે તેઓ સુરત લોકસભાના મતદાર નથી. પરંતુ ભલે તેઓ સુરત લોકસભા માટેના ઉમેદવાર બન્યા છે પરંતુ મતદાર બારડોલી લોકસભાના છે. પુણા વિસ્તારનો કેટલોક ભાગ બારડોલી લોકસભામાં આવે છે. તેમજ તેમનું રહેઠાણ હોવાને કારણે આ સ્થિતિ ઊભી થઈ છે.

### બે ઉમેદવારો અંતિમ ઘડીએ ટિકિટની રેસમાં હતા

ગત લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર રહી ચૂકેલા અશોક આગેવાડા અને નિલેશ કુંભાણી બન્નેમાંથી એકની પસંદગી કરવાની વાત હતી. અશોક આગેવાડાનો પણ કોંગ્રેસના નેતાઓ દ્વારા સંપર્ક કરવામાં આવ્યો હતો. તેમણે પણ પોતે લડવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. પરંતુ અંતિમ સમયે કેટલીક બાબતોની સ્પષ્ટતા કરતા અશોક આગેવાડા પાર્ટીની વિચારધારા અને તેમની જે અપેક્ષાઓ હતી તેના ઉપર ખરા ઊતર્યા નહોતા. તેમણે જે શીર્ષ નેતાઓ સાથે વાતચીત કરી તેના પરથી સ્પષ્ટ થતું હતું કે, તેઓ માનસિક રીતે લડવા માટે તૈયાર દેખાતા નથી. આવી સ્થિતિમાં કોંગ્રેસ પાસે સૌથી સારો વિકલ્પ નિલેશ કુંભાણી હતા. નિલેશ કુંભાણીની સુરત બેઠક પરથી ઉમેદવારી જાહેર કરી દેવામાં આવી છે.

# પાણી વહેતા પહેલા પાળ બાંધવામાં SMC નિષ્ફળ

## ખાડા પાસે મનપાએ 4 દિવસથી મુકી દીધું છે ‘કામ ચાલુ છે’નું બોર્ડ

■ સુરત

સુરતમાં બે જગ્યાએ બેફામ પાણીનો વેડફાટ થતો હોવાનું સામે આવ્યું છે. સુરત સિવિલ હોસ્પિટલ નજીક BRTS રોડ પર લાઈન લીકેજ થતાં પાણીના રેલા રોડ પર વહેતા થયા છે. તેમજ માટીનું ધોવાણ થઈ જતા મોટો ખાડો પણ પડ્યો છે. જોકે, મહાનગરપાલિકા ‘કામ ચાલુ છે’નું બોર્ડ 4 દિવસથી મૂકીને જતી રહી છે. તો પુણાગામ વિસ્તારમાં BRTS રૂટ પર નહેરના પાણી ફરી વળ્યા છે. મુશળધાર વરસાદમાં જે રીતે પાણી ભરાય તે રીતે રોડ પર પાણી ભરાતા લોકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સુરત સિવિલ હોસ્પિટલ નજીક BRTS રોડ પર પાણીનો વેડફાટ થતો જોવા મળી રહ્યો છે. પાણીની લાઈન લીકેજ હોવાથી છેલ્લા એક અઠવાડિયાથી પાણીનો બેફામ બગાડ થઈ રહ્યો છે. આ સાથે જ પાણીની લાઈન લીકેજ હોવાથી માટીનું ધોવાણ થઈ જતા મોટો ખાડો પડ્યો છે.



## NEWS FILE

### રાજ્યના માર્કેટિંગ યાર્ડમાં શનિવારથી 10 દિવસનું વેકેશન



રાજકોટઃ રાજ્યના તમામ માર્કેટિંગ યાર્ડમાં ઘઉં અને ચણા સહિતની કૃષિ પેદાશોની જામતી સીઝન વચ્ચે 10 દિવસનું માર્ચ એન્ડિંગનું મીની વેકેશન જાહેર કરાયું છે. શનિવારથી હરાજી બંધ થશે. બે દિવસ માત્ર પડતર માલની હરાજી વેપાર થશે. નાણાંકીય વર્ષ પૂર્ણ થવાનું હોવાથી કમિશન એજન્ટો અને વેપારીઓએ દર વર્ષની જેમ આ વર્ષે માર્ચ એન્ડિંગની રજા રાખવાનો નિર્ણય લીધો છે. જેને ધ્યાને રાખીને 23 માર્ચથી 1 એપ્રિલ સુધી હરાજીથી માંડીને યાર્ડનાં કામકાજ બંધ રહેશે. ખેડૂતોનો માલ પડતર રહી ન જાય તે હેતુસર આવતીકાલથી જ નવી આવકો બંધ કરી દેવામાં આવશે.

### 31 માર્ચે યોજાનાર ગુજકેટ પરીક્ષાની હોલ ટિકિટ જાહેર

સુરતઃ હાલમાં ગુજરાત બોર્ડની અત્યારે પરીક્ષા ચાલી રહી છે. બોર્ડની પરીક્ષા પૂર્ણ થયા બાદ ધોરણ 12 સાયન્સના વિદ્યાર્થીઓની 31 માર્ચના રોજ GUJCET (ગુજરાત કોમન એન્ટ્રસ ટેસ્ટ) લેવામાં આવશે. ગુજકેટની પરીક્ષા માટેની હોલ ટિકિટ બોર્ડની વેબસાઈટ પર મૂકવામાં આવી છે. સ્કૂલો આ હોલ ટિકિટ ડાઉનલોડ કરી વિદ્યાર્થીઓને આપી શકશે. 31 માર્ચે ગુજકેટની પરીક્ષા યોજાવવાની છે. ધોરણ 12 સાયન્સ પછીની ડિગ્રી એન્જિનિયરિંગ, ડિગ્રી/ડિપ્લોમા, ફાર્મસી પછીના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે ગુજકેટની પરીક્ષા આપવી ફરજિયાત છે.

### સુરત એરપોર્ટથી 1 મહિનામાં મુસાફરોનો ધરખમ વધારો



સુરતઃ સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટથી વિદેશ પ્રવાસ કરનારા યાત્રીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટથી પ્રથમ વખત એક મહિના ફેબ્રુઆરી 2024માં વિદેશ પ્રવાસ કરનારા યાત્રીની સંખ્યા 12,239 સુધી પહોંચી છે. હાલ, સુરત એરપોર્ટથી શારજાહ અને દુબઈની ફક્ત ત્રણ ફ્લાઈટ ચાલે છે. જેથી વિદેશ પ્રવાસ કરનારા યાત્રીની સંખ્યામાં વધારો થયો છે. સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે વર્ષ 2018-19માં વિદેશની શારજાહની પ્રથમ ફ્લાઈટ શરૂ થઈ હતી. જે સપ્તાહમાં બે દિવસ ઉડાન ભરતી હતી. દરમિયાન કોરોના આવતા ફરી વિદેશની ફ્લાઈટને ગ્રહણ લાગ્યું હતું.

# રાજકોટમાં કડવા V/S લેઉવાનો ચૂંટણીજંગ નક્કી?

## « ચૂંટણી મેદાનમાં ધાનાણી ઉતરશે?

### આપ લોકોના પ્રેમથી મારું નામ ચાલે છે, રૂપાલા જીતે જ શું કામ?

■ રાજકોટ

લોકસભા ચૂંટણીનું રણશિંગું ફૂંકાઈ ચૂક્યું છે અને ભાજપ તથા કોંગ્રેસ ઉમેદવારો પણ જાહેર કરવા લાગ્યા છે. ભાજપે ગુજરાતની 26 સીટમાંથી 22 ઉમેદવારો જાહેર કરી દીધા છે. જ્યારે કોંગ્રેસે માત્ર 17 ઉમેદવારના જ નામ જાહેર કર્યા છે. હવે ગણતરીના દિવસોમાં જ ભાજપ અને કોંગ્રેસ તેમના બાકીના ઉમેદવારો જાહેર કરી દેશે. જો કે ભાજપે આ વખતે રાજકોટ સીટ પરથી મોહન કુંડારિયાની ટિકિટ કાપી કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રૂપાલાને ઉતાર્યા છે. રૂપાલાએ હાલ પ્રચાર માટે ગામડાઓ ખૂંદી રહ્યા છે. પરંતુ કોંગ્રેસે હજુ સુધી તેમની સામેનો ઉમેદવાર જાહેર કર્યો નથી. જો કે હાલ રાજકોટ સીટ પરથી વિધાનસભામાં વિપક્ષના પૂર્વ નેતા એવા પરેશ ધાનાણીનું નામ ચાલી રહ્યું છે. માત્ર એટલું જ નહીં કડવા V/S લેઉઆ પાટીદાર વચ્ચે પણ જંગ થવાની શક્યતા છે. હાલ સૌ રાજકોટ વાસીઓ કોંગ્રેસના ઉમેદવારની જાહેરાત થવાની રાહ જોઈ રહ્યા છે.





### ‘અણવર બની નવી પેઢીને અનુભવનો લાભ આપવાનો છે’

રાજકોટ સીટ પરથી લોકસભા ચૂંટણી લડવા અંગે પરેશ ધાનાણીએ દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે મેં તો એક વર્ષ પહેલાં કીધું હતું પાર્ટી અને પ્રજાના પ્લેટફોર્મ ઉપર મારો નિર્ણય જાહેર છે. ગઈ ચૂંટણીથી જ મેં કહી દીધું છે કે, પાંચ વર્ષ મારે રાહ જોવાની છે પાર્ટીના કાર્યકર તરીકે સમર્પણ ભાવથી અણવર બનીને અનુભવનો નવી પેઢીને લાભ આપવાનો છે.

**ધીરુ ભગતના ઘરે 15મી ઓગસ્ટે જન્મ** પરેશ ધીરજલાલ ધાનાણીનો જન્મ 15 ઓગસ્ટ 1976ના રોજ અમરેલીમાં થયો હતો. પિતા અમરેલી જિલ્લા સહકારી બેંન્કમાં નોકરી કરતા અને સેવાભાવી સ્વભાવને કારણે ધીરુ ભગતના નામે જાણીતા હતા. સામાજિક સેવાની આ મૂડી પરેશ ધાનાણીને વારસામાં મળી, કદાચ એટલે જ વર્ષ 2000માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી બી.કોમની ડિગ્રી મેળવ્યા પછી સમાજસેવાના હેતુ સાથે રાજકારણ તરફ આકર્ષાયા.

# હું જેને પ્રેમ કરું તે મારાથી દૂર થઈ જાય છે, હવે મારે શું કરવું જોઈએ?



## ઋણાનુબંધ

ભાવના પટેલ

### નવલકથા - પ્રકરણ - 25

હું જેને પ્રેમ કરું છું તે મારાથી દૂર થઈ જાય છે. તુલસીએ માસીના બે હાથ પકડીને માનભેર ખુરશીમાં બેસાડ્યા. પછી એ એમના પગ આગળ નીચે બેસી ગઈ ને બોલી 'મને શુભાની બધી જ વાતો કરો. મારે બધું જ સાંભળવું છે. દરેકે દરેક વાત કહો.'

'હવે મને હંધુયે હમજાણું કે પરીમાં આટલું ડાપણ ક્યાંથી આયવું. કુવા વગર તો હવાડામાં આવે જ ક્યાંથી? હાચુ કહું તને મને ઈ છોડી આટલી યાદ આવે છે તો તારું તો હુ થાય?

તારા ને અખિલ વચ્ચે હુથ્યુ ઈ મને નથી ખબર, પણ આટલા દી મારી હાયરે ઈ બેયરયા એટલે મને ખબર છે કે અખિલનેય ઈ છોડી એટલી જ વાલી છે. એક ઘડી પોતાથી દૂર નોતો કરતો ઈને. પેલા મા-મા કરતી બહુયે રોતી. એટલે મમતા એને ઘેનનીગોળીયુ દેતી. અખિલનેજયે આ વાતની ખબર પયડીતયે કેવો બાયઘો તો ઈની હારે.

જો ખોટુ બોલતી હોવ તો માતાજી મને પુગે. આજ લગણ કોઈ દી આ સોકરાવેચવાના કામ મે નથી કયરા કે એમાં સાથેય નથી દીધો. આ તો બાપ-દીકરી હતા એટલે મેં થોડાક દી હાચવવાની હા પાયડી.

જયે અખિલને ખબર પયડી કે પરીને વેચવાના છે, તંયે કીધા વગર ભાયગો. જો ના ભાયગો હોત તો તારી છોડી અટાણે નેપાળ- બેપાળમાંમાંપોગી હોત.

મારી વાત તને હાચીનૈ લાગે પણ હાચુ કહું છું હું. ભલે અખિલ મરી ગ્યો ને તમે કયો છો કે એની હાયરે છે એ છોડી પરી નથી. પણ હાચુ કહું, અખિલે ક્યાંક એની વેવસ્થા કરી જ હઈશે.

ઈ ઘરેથી નીકળ્યો તંયે એના મનમાં હઈશે જ કે પાછો નહીં આવે એટલે જાતા-જાતાંય મને રૂપિયા દેતોગ્યો ને કેતોગ્યો કે, ઘરમાં ખાવાપીવાનું લેતા આવજો. ઈ રૂપિયા મને શું કામ દીધા ખબર છે? હું પરીને હારી રીતે રાખતીતી એટલે દીધા.

પરીને લુખી રોટલી નોતીભાવતી તો રૂપિયા દીધા ને કીધું ઘી લયાવો ને એના હાટુ રોજ દહીજમાવજો, એ લુખુસુકુ ખાવા ટેવાયેલી નથી.

તને એની કેટકેટલી વાતો કરું બાઈ? હો વાતની એક વાત કે અખિલ એના જીવતા તો પરીનું કાંય ખોટું થાવા દેવાથી રયો. પણ જો એ મરતાંયે બીજી છોડીને પરી કેતો ગ્યો હોય તો એણે કાંક વિચારીને જ કીધું હઈશે ને ઈ પરીના ભલા હાટુ જ હઈશે.


પછી બાપલા તને જેમ ઠીક લાગે એમ.'

માસીની આવી વાતો સાંભળીને તુલસી હતપ્રભ થઈ ગઈ. ઈન્સ્પેક્ટર પણ ઉંડા વિચારમાં પડી ગયા.

નવભારત ટ્રાવેલ્સની ઓફિસમાં જઈને ઈન્સ્પેક્ટરે અખિલને શુભાના ફોટા બતાવ્યા. અહીંથી જ અખિલ બસમાં બેસેલો ને દિલ્હી જવા નીકળેલો. પરંતુ ત્યાં પણ કોઈ જ કડી ના મળી.

ફોટામાની વ્યક્તિને કોઈએ જોઈ નહોતી. ઓફિસના ઈન્ચાર્જને ઈન્સ્પેક્ટરે કરડાકીથી કહ્યું કે, 'એ કેવી રીતે શક્ય છે કે, અહીંથી બસમાંબેસનાર વ્યક્તિને ઓફિસના કોઈએ જોઈ જ ના હોય?'

ત્યારે એમણે શાંતિથી ઈન્સ્પેક્ટરને સમજાવ્યું કે, 'માની લો કે, તમારે જુનાગઢ જવું છે. ને બે ટિકિટ જોઈએ છે. તમારા કોઈ સગા એ ટિકિટો લઈ જાય. સવારે છ વાગ્યાની બસ છે. તમારા સગા સવારે છ વાગ્યે તમને મૂકવા આવે. તમે સામાન સાથે બહાર ઊભા રહ્યા હોવ. એ સગા ઓફિસમાં આવીને પૂછે કે, જુનાગઢ જતી બસનો નંબર શું છે.



ત્યાં ઉભેલી એ નંબરની બસમાં તમને બેસાડી દે. હવે એમ કહો કે, તમારો ફોટો લઈને કોઈ અહીં આવે તો ઓફિસના કોઈએ તમને જોયા હોય?'

ઈન્સ્પેકટરે શાંતિથી કહ્યું 'સાચી વાત છે તમારી.'

ઈન્સ્પેક્ટરે ઘણી કોશિશ કરી, ઘણી જગ્યાએ પૂછપરછ કરી પરંતુ ક્યાંયથીશુભા ના કોઈ જ સગળ હાથ લાગ્યા નહીં. વીલેમોએ અને ભારે હૈયે બંને જુનાગઢ પાછા આવ્યાં.

એ પછી પણ જ્યાં થોડીકેય શક્યતા લાગે ત્યાં ઈન્સ્પેક્ટર શુભાને શોધવાનો પ્રયાસ કરતા. ઈન્સ્પેક્ટરને તુલસી સાથે લગાવ થઈ ગયેલો. તુલસી હતી જ એવી ને.

પોતાની જિંદગીની દર્દભરી કહાની ઈન્સ્પેકટરે તુલસીને કહેલી. પોતે પણ પત્નીથી હેરાન થયેલો છે. જો તુલસી ઈચ્છે તો એ તુલસી સાથે લગ્ન કરવા તૈયાર છે. શુભાને પણ એ પોતાની દીકરીની જેમ જ રાખશે. એકલા જિંદગી નહીં નીકળે.

એ વાતના જવાબમાં તુલસીએ કહેલું કે, 'તમારી દરેક વાત સાથે હું સંમત છું કે એકલા જિંદગી નહીં નીકળે, તમે મને પ્રેમ, ઈજ્જત આપશો, શુભાને પણ દીકરીની જેમ રાખશો. એમાં મને લેશમાત્ર શંકા નથી.

પરંતુ મને હવે મારા ભાગ્યથી ડર લાગે છે. હું જેને ઉત્કટતાથી થી ઈચ્છું છું એ મારાથી દૂર થઈ જાય છે.

મે જેને પ્રેમ કર્યો એ વ્યક્તિ મને છોડી ગયો, મા-બાપને પ્રેમ કર્યો એ મૃત્યુ પામ્યા, મા-બાપ જતા રહ્યા ને પછી મારી જિંદગીમાં શુભા આવી. મને જાણે કે જીવવાનો આધાર મળી ગયો, હું એને ઉત્કટતાથી પ્રેમ કરવા લાગી. પરિણામ શું આવ્યું? એ પણ મારાથી દુર થઈ ગઈ. આ વિષચક્ર મારે હવે અહીં જ ખતમ કરવું છે. કોઈને પ્રેમ કરવાનો જ નહીં.

કારણ કે હું જેને પ્રેમ કરું છું તે મારાથી દુર થઈ જાય છે. કારણ ભલે ગમે તે હોય.

તમે ખરેખર, એક ઉમદા વ્યક્તિ છો. તમારી સંગતમાં મને સારું પણ લાગે છે. પરંતુ એ લાગણીને આપણે મિત્રતા સુધી જ રહેવા દઈએ તો કેમ? દરેક સંબંધને નામ આપવું કંઈ જરૂરી નથી હોતુ ! નામ આપ્યા વગરનો એક જ સંબંધ છે અને જે મિત્રતાનો.

ક્રમશઃ વધુ આવતા અંકે...

લેખકની કૃતિઓ અનેક પ્રકાશનોમાં છપાઈ ચૂકી છે. આપ સૌના મૂલ્યવાન સૂચન, મંતવ્યો તમે તેમને +91 94291 31129 પર વોટ્સએપ દ્વારા મોકલી શકો છો. કે bjpatel1970@gmail.com પર મોકલી શકો છો.

## સાપ્તાહિક રાશિફળ



Durgaprasad shastri
Astrology & vastu services
durgaprasadastro@gmail.com
Acharya Durgaprasad Shastri
India - 9376115884, 7574888002

### મેષ (અ, લ, ઈ)

તમે તમારું કામ વ્યવસ્થિત રીતે કરવામાં સફળ રહેશો. તમારા સપના અને કલ્પનાઓને સાકાર કરવાનો આ યોગ્ય સમય છે. નાણાકીય રોકાણ સંબંધિત બાબતોમાં પણ સમય પસાર થશે, અને સફળતા પણ મળશે. સમાજમાં યોગ્ય સન્માન મળશે. દિવસના ઉત્તરાર્ધમાં કેટલીક સમસ્યાઓ આવી શકે છે. તમારી મહત્ત્વપૂર્ણ વસ્તુઓની જાતે જ કાળજી લો.

### વૃષભ (બ.વ.ઉ)

ઉતાવળ કરવાને બદલે શાંતિપૂર્ણ રીતે તમારું કાર્ય પૂર્ણ કરો. વ્યવસ્થિત નિત્યક્રમ દ્વારા તમામ કાર્ય સરળતાથી પૂર્ણ થશે. ઘરની જાળવણીમાં પણ તમને વિશેષ રસ રહેશે. એકાંત અથવા ધાર્મિક પ્રવૃત્તિઓમાં થોડો સમય પસાર કરવાથી શાંતિ મળશે. તમારા નિર્ણયને પ્રાથમિકતા આપો. તમે બીજાની વાતોથી પ્રભાવિત થઈને પોતાને નુકસાન પહોંચાડી શકો છો.

### મિથુન (ક.છ.ઘ)

તમને તમારી મહેનત અને ક્ષમતાનો પૂરો લાભ મળશે. તમે તમારા ઘણા મહત્ત્વપૂર્ણ કાર્યોને પૂર્ણ કરવામાં સફળ રહેશો. પરંતુ વ્યસ્ત શિડ્યુલને કારણે, તમે ઘરે વધુ સમય પસાર કરી શકશો નહીં. જો કે પરિવારના સભ્યોનો સંપૂર્ણ સહયોગ રહેશે. પહેલા ધ્યાનથી વિચારી લેજો નહીંતર કોઈ તમારી વાતનો ખોટો ફાયદો ઉઠાવશે. તેથી આવા લોકોથી દૂર રહો.

### કર્ક (ડ.હ)

આ દિવસોમાં તમારી આશાવાદી અને કાર્યલક્ષી વિચારસરણી તમારા વ્યક્તિત્વને સુધારી રહી છે. તેમજ ઘરના વડીલોના આશીર્વાદ અને સહયોગથી તમારું ભાગ્ય મજબૂત બની રહ્યું છે. જો તમે કોઈપણ કાર્ય કરતા પહેલા સારી રીતે વિચારશો તો તમને ચોક્કસ સફળતા મળશે. પડોશીઓ સાથે કોઈ મુદ્દે વિવાદ વધી શકે છે.

### સિંહ (મ.ટ)

કોઈ ખાસ કાર્યને લઈને ચાલી રહેલા પ્રયાસોનું આજે સારું પરિણામ મળશે. પરંતુ તમારા સિદ્ધાંતો અને આદર્શો સાથે કોઈપણ રીતે સમાધાન કરશો નહીં. તેનાથી સમાજમાં યોગ્ય સન્માન જળવાઈ રહેશે. જો તમને કૌટુંબિક સંબંધી કોઈ સમસ્યાને સમજાવવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે.. પરંતુ તમને સમસ્યાઓથી છુટકારો મેળવવાનો માર્ગ પણ મળશે.

### કન્યા (પ.ઠ.ણ)

સમય અનુકૂળ છે. અટકેલા કામને વેગ મળશે, પરંતુ ભાવનાત્મકતાને બદલે કુનેહ અને ડહાપણથી કામ કરવાથી સંજોગો તમારા માટે અનુકૂળ રહેશે. મિત્રો અથવા સંબંધીઓ સાથે ગેટ-ટુગેધર કાર્યક્રમોનું આયોજન થશે અને પરસ્પર વાતચીત સુખદ રહેશે. પ્રભાવશાળી લોકોની સલાહ અને માર્ગદર્શનને બેદરકારીથી ન લો. શિસ્તબદ્ધ વર્તન રાખો.

### તુલા (ર.ત)

તમારું સકારાત્મક વલણ દરેક કાર્યમાં યોગ્ય સંવાદિતા જાળવી રાખશે. ઘરમાં કોઈ શુભ પ્રસંગનું આયોજન થશે. કેટલીક જવાબદારીઓ પણ વધશે. પરંતુ તમે તેમને પરિપૂર્ણ પણ કરી શકશો. દિવસના ઉત્તરાર્ધમાં સંજોગો થોડા પ્રતિકૂળ બની શકે છે. તણાવ લેવાને બદલે ઉકેલ શોધો. વિદ્યાર્થીઓનું ધ્યાન આજે નકામી પ્રવૃત્તિઓ પર કેન્દ્રિત રહેશે.

### વૃશ્ચિક (ન.ય)

જે કામ કેટલાક સમયથી અટવાયેલું હતું તે આજે ખૂબ જ સરળતાથી અને તમારી મરજી મુજબ ઉકેલાશે. નવા કપડા અને જ્વેલરી જેવી વસ્તુઓ ખરીદવાની પણ યોજના હશે. સોસાયટીની પ્રવૃત્તિઓમાં તમારી સલાહને વિશેષ માન આપવામાં આવશે. બીજાના મામલામાં દખલ કરવાનું ટાળો, નહીંતર દલીલો થઈ શકે છે. તમારા પોતાના કામમાં મન લગાવવું વધુ સારું રહેશે.

### ધન (ભ.ફ.ધ.ઢ)

પરિવાર સાથે જોડાયેલી કોઈપણ સમસ્યાનું સમાધાન તમને મળશે અને તમે તમારા અંગત કામમાં ધ્યાન કેન્દ્રિત કરી શકશો. તમે આસપાસના વિસ્તારોમાં સામાજિક પ્રવૃત્તિઓમાં પણ યોગ્ય યોગદાન આપશો. આજે કેટલાક ખર્ચાઓ આવી શકે છે જેનાથી છુટકારો મેળવવો તમારા માટે મુશ્કેલ રહેશે. પરિવારના સભ્યો સાથે બેસીને સમસ્યાનો ઉકેલ લાવો.

### મકર (ખ.જ)

ઘણા સમયથી ચાલી રહેલી વ્યસ્ત દિનચર્યામાંથી આજે તમને થોડી રાહત મળશે. તમારી આવડત અથવા ક્ષમતાને બધાની સામે લાવવાનો આ યોગ્ય સમય છે. મહિલાઓ પોતાના વ્યક્તિત્વને નિખારવા માટે વિશેષ પ્રયત્નો કરશે. બિનજરૂરી મીટિંગથી દૂર રહો. કોઈની સાથે વિવાદ થવાની સંભાવના છે. ખોટા નિર્ણયોને લીધે તમારે પરિણામ ભોગવવા પડી શકે છે.

### કુંભ (ગ.સ.શ.ષ)

વ્યસ્ત હોવા છતાં તમને તમારા શોખ અને રુચિ સંબંધિત પ્રવૃત્તિઓ માટે સમય મળશે. જેના કારણે તમે તણાવમુક્ત અને ઉર્જાવાન અનુભવશો. ધાર્મિક કાર્યો તરફ પણ તમારો ઝુકાવ રહેશે. જો તમે કોઈને લોન આપવા અંગે નિર્ણય લેવા જઈ રહ્યા છો, તો તેને મોકૂફ રાખવું વધુ સારું રહેશે. કેટલાક વિરોધીઓ તમારા માટે મુશ્કેલી ઊભી કરી શકે

### મીન (દ.ચ.ઝ.થ)

તમને અનુભવી અને પ્રભાવશાળી લોકો સાથે સમય પસાર કરવાની તક મળશે. આ ઉપરાંત સામાજિક વર્તુળ પણ વધશે. લોકોની પરવા ન કરવી અને પોતાના કામ પર ફોકસ કરવાથી પણ તમને નવી સિદ્ધિઓ મળશે. ખરીદી વગેરેમાં સમય પસાર થશે. જો તમે કોઈને કોઈ વચન આપ્યું હોય તો તેને ચોક્કસ પૂરું કરો. આજે મનમાં થોડી અસ્વસ્થતા રહી શકે છે.

# સાઉથના સ્ટાર મહેશ બાબુનું આગામી ફિલ્મનું પાત્ર હનુમાન પરથી પ્રેરિત

## આ ફિલ્મ ભારતની ઈન્ડિયાના જોન્સ બને તેવી આશા

■ મુંબઈ

એસએસ રાજામોલી પોતાની આગામી ફિલ્મ મહેશ બાબુ સાથે કરવાનો છે. ફિલ્મ એસએસએમબી ૨૯ની ઘોષણા તેણે કરી દીધી છે. હવે આ ફિલ્મને લઈને અપડેટ છે કે, મહેશ બાબુનો રોલ આ ફિલ્મમાં ભગવાન હનુમાનથી પ્રેરિત હશે. ફિલ્મનું લેખનનું કામ પુરુ થઈ ગયું છે અને સ્ક્રિપ્ટ તૈયાર થઈ ગઈ છે.આ ફિલ્મ હાલ પ્રી-પ્રોડકશનમાં છે. રાજામોલીએ સોશયલ મીડિયા પર એક વીડિયો શેર કરીને જણાવ્યું છે કે, એમે અમારી આગામી ફિલ્મને શરૂ કરી દીધી છે. અમે તેનું લેખન પુરુ કરી દીધું છે અને હાલ આ ફિલ્મ પ્રી-પ્રોડકશનમાં છે. પરંતુ હીરો મહેશ બાબુ જ છે.તે એક સારો અભિનેતા છે. કહેવાય છે કે એસએસએમબી ૨૯ એક બિગ બજેટ ફિલ્મ બનવાની છે. એટલું જ નહીં લોકોને આશા છે કે, આ ફિલ્મ ભારતની 'ઈન્ડિયાના જોન્સ' પુરવાર થશે. ફિલ્મ નિર્માતા આફ્રિકામાં એક એકશન-એડવેન્ચર સેટ માટે હોલીવૂડ અભિનેતાઓને પણ સામેલ કરવાના છે.



# વિક્કી કૌશલ, તૃપ્તિ અને એમીની ત્રિપુટી બેડ ન્યૂઝ ફિલ્મમાં જોવા મળશે


## ધર્મા પ્રોડકશને ગુડ ન્યુઝ ફિલ્મની બીજી સીરીઝની ઘોષણા કરી


■ મુંબઈ

ધર્મા પ્રોડકશને વિક્કી કૌશલ, તૃપ્તિ ડીમરી અને એમી વર્ક સાથેની બેડ ન્યુઝ નામની ફિલ્મની ઘોષણા કરી છે. આ નિર્માણ કંપનીએ ૨૦૧૯માં અક્ષય કુમાર, કરીના કપૂર ખાન, દિલજીત દોસાંજ અને કિયારા અડવાણીને લઈને ગુડ ન્યુઝ ફિલ્મનું નિર્માણ કર્યું હતું જે બોક્સ ઓફિસપર હિટ નીવડી હતીહવે આ જ ફિલ્મની બીજી સીરીઝ બેડ ન્યુઝની ઘોષણા કરવામાં આવી છે. ધર્મા પ્રોડકશને એક વીડિયો રિલીઝ કર્યો છે, જેમાં ફિલ્મની ઈમેજીસ, તેમજ વિક્કી, તૃપ્તિ એને એમી રમૂજી અવતારમાં જોવા મળી રહ્યા છે. આ ફિલ્મનું દિગ્દર્શન આનંદ તિવારીનું છે. આ ફિલ્મને ૧૯ જુલાઈ, ૨૦૨૪નારોજ રિલીઝ કરવામાં આવશે. રિપોર્ટના અનુસાર, આ ફિલ્મમાં ધર્મા પ્રોડકશને ફ્રેશ સ્ટાર કાસ્ટને લીધી છે. આ ફિલ્મમાં વિક્કી કૌશલ, તૃપ્તિ ડીમરી અને એમી વિર્ક કામ કરતા જોવા મળશે. બીજા શબ્દોમાં કહીએ તો ગુડ ન્યુઝ ફિલ્મના એક પણ કલાકારને લેવામાં આવવાના નથી.




# પુલકિત સમ્રાટની દુલ્હન બની કૃતિ ખરબંદા, કપલની પહેલી તસવીર








નવી મુંબઈ: બોલિવૂડના સૌથી લોકપ્રિય કપલ કૃતિ ખરબંદા અને પુલકિત સમ્રાટ લગ્નના બંધનમાં બંધાઈ ગયા છે. આ કપલે હરિયાણાના માનેસરમાં ITC ગ્રાન્ડ ભારત પેલેસમાં પરિવાર અને નજીકના મિત્રોની હાજરીમાં આ ક્યુટ કપલ લગ્ન ગ્રંથિથી જોડાયા હતા.આખરે નવપરિણીત યુગલે તેમના ઈન્સ્ટાગ્રામ પર ફેન્સ માટે પોતાના લગ્નના સુંદર ફોટો શેર કર્યા છે. રિપોર્ટ્સનું માનીએ તો પુલકિત અને કૃતિ 2019મા પાગલપંતી ફિલ્મના સેટ પર મળ્યા હતા. બંને લગભગ 5 વર્ષથી એકબીજાને ડેટ કરી રહ્યાં છે.બંને વચ્ચે પહેલા મિત્રતા થઈ અને પછી પ્રેમમા પડ્યા બાદ એકબીજાને ડેટ કરવા લાગ્યા હતા. 2019 માં તેમની મિત્રતાની શરૂઆત પછી, લોકડાઉન દરમિયાન, બંને એક બીજાને સારી રીતે ઓળખ્યા અને સમજવા લાગ્યા હતા. આ બંનેએ પોતાના રિલેશનશીપને ઓફિશિયલી જાહેર કર્યો હતો. ફુકરે અભિનેતા પુલકિત સમ્રાટના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો તેમણે ટીવીથી પોતાના કરિયરની શરુઆત કરી હતી. ક્યોંકી સાસ ભી કભી બહુથીમાં જોવા મળ્યા હતા. ત્યારબાદ એક્ટરે બોલિવુડમાં કામ કરવાનું શરુ કર્યું.

# કરીના કપૂર યશની ટોક્સિક સાથે કન્નડમાં ડેબ્યૂ કરશે

## અગાઉ સાઈ પલ્લવી અને રાશિ ખન્નાનાં નામ પણ ચર્ચાઈ ચૂક્યાં છે

■ મુંબઈ





કરીના કપૂર યશની 'ટોક્સિક' ફિલ્મ દ્વારા કન્નડામાં ડેબ્યૂ કરે તેવી સંભાવના છે. જોકે, આ અંગે હજુ કોઈ અધિકૃત ઘોષણા થઈ નથી. કરીનાનો એક ઈન્ટરવ્યૂ વાયરલ થયો છે. તેમાં તે સાઉથની એક મોટી ફિલ્મમાં કામ કરી રહી હોવાનું જણાવી રહી છે. તેના આધારે એવી અટકળો વહેતી થઈ છે કે આ યશની 'ટોક્સિક' ફિલ્મ હોઈ શકે છે. યશે ગયાં વર્ષે પોતાની આ ફિલ્મની જાહેરાત કરી હતી. જોકે, તેની બાકીની સ્ટારકાસ્ટ વિશે કોઈ જાહેરાત કરાઈ ન હતી. કેટલાક સમયથી એવી અટકળો પણ વ્યક્ત થઈ રહી છે કે આ ફિલ્મમાં સાઈ પલ્લવી અથવા તો રાશિ ખન્ના યશની હિરોઈન હોઈ શકે છે. હવે કરીના કપૂરનું નામ પણ વહેતું થયું છે. જોકે, કરીના યશની હિરોઈન તરીકે નહીં પરંતુ અન્ય મહત્વના પાત્રમાં હોઈ શકે તેમ મનાય છે. કરીના ખરેખર આ ફિલ્મ સાઈન કરશે તો કન્નડા ભાષામાં તેની આ પહેલી ફિલ્મ હશે.

# ટાઈગર શ્રોફની હિરો નંબર વન અભેરાઈ પર

## ડાયરેક્ટર તથા અન્ય ટેકનિશિયનો છૂટા થઈ જતાં ફિલ્મને ગ્રહણ લાગ્યું

■ મુંબઈ

ટાઈગર શ્રોફ તથા દિશા પટાણીની 'હિરો નંબર વન' અભેરાઈ પર ચઢી ગઈ હોવાનું માનવામાં આવે છે. ફિલ્મના ડાયરેક્ટર જગન શક્તિ તથા અન્ય ક્રૂ મેમ્બર્સ નવા પ્રોજેક્ટસમાં જોતરાઈ ચૂક્યા છે. ગયા વર્ષે આ ફિલ્મની જાહેરાત થઈ હતી. તે પછી ગત સપ્ટેમ્બરમાં તેનું શૂટિંગ શરુ થશે તેવી વાત ચર્ચાઈ હતી. જોકે, તે પછી અનેક તારીખો પડી ચુકી છે પરંતુ હજુ શૂટિંગ શરુ થવાના કોઈ આસાર નથી. ફિલ્મમાં એક સમયની રિયલ ટાઈમ જોડી ટાઈગર શ્રોફ તથા દિશા પટાણી કામ કરવાના હતા. આ ફિલ્મની વાર્તાને ગોવિંદાની આ જ ટાઈટલિ ધરાવતી ફિલ્મ સાથે કોઈ સંબંધ નહીં હોય તેવો પણ દાવો કરાયો હતો. જોકે, ફિલ્મ પડતી મૂકાવાનાં કારણ અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા થઈ નથી. ટ્રેડ વર્તુળોમાં અટકળો અનુસાર નિર્માતાઓ ટાઈગર શ્રોફની અક્ષય કુમાર સાથેની આગામી ફિલ્મ 'બડે મિયાં છોટે મિયાં'ના બોક્સ ઓફિસ પરફોર્મન્સની રાહ જોઈ રહ્યા છે. તે પછી કાર્તિક પર આટલાં મોટાં બજેટ સાથે મદાર બાંધવો કે કેમ તેનો નિર્ણય લેવાશે.



# IPLના આગમનથી અન્ય ફોર્મેટને અસર થઈ



## લીગના આવવાથી T20ની ગતિમાં વધારો થયો, 80% ટેસ્ટનાં પરિણામો આવ્યાં, ODIમાં 12 બેવડી સદી

■ નવી દિલ્લી

વન-ડે ક્રિકેટના પ્રથમ 37 વર્ષમાં 31 વખત 350થી વધુનો સ્કોર બન્યો હતો. છેલ્લાં 17 વર્ષમાં 350 પ્લસનો સ્કોર 145 વખત થયો છે, જે આના કરતાં 4.6 ગણો વધુ છે. આ શક્ય બન્યું કારણ કે ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 17 વર્ષ પહેલાં 2008માં શરૂ થઈ હતી. આ લીગે બેટર્સ સ્કોરિંગ રેટમાં ઝડપથી વધારો કર્યો. IPL પછી જ મેન્સ ODIમાં પ્રથમ બેવડી સદી ફટકારવામાં આવી હતી, જેનો આંકડો હવે 12 પર પહોંચી ગયો છે. T20 ટીમની સંખ્યા 16થી વધીને 103 થઈ. તે જ સમયે, ટેસ્ટ ફોર્મેટ રસપ્રદ બન્યું, ટીમે ડ્રોને બદલે પરિણામો પર ધ્યાન કેન્દ્રિત કરવાનું શરૂ કર્યું, જેના કારણે 80% મેચમાં પરિણામ આવી રહ્યાં છે.

### ભાગ-1: વર્ષની મેચની સંખ્યા 33થી વધીને 280 થઈ

T20 ઈન્ટરનેશનલ 17 ફેબ્રુઆરી 2005ના રોજ શરૂ થઈ, ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા પ્રથમ મેચ રમ્યા. 2 વર્ષ પછી, આ ફોર્મેટનો વર્લ્ડ કપ રમાયો, જે ભારતે મહેન્દ્ર સિંહ ધોનીની કેપ્ટનશિપમાં જીત્યો. બીજા જ વર્ષે, ભારતમાં ક્રિકેટની પ્રથમ ફ્રેન્ચાઈઝી ટુર્નામેન્ટ, ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) શરૂ થઈ. જેણે ક્રિકેટની વ્યાખ્યા બદલી નાખી. 2010 સુધી 6 વર્ષમાં 17 દેશો T20 ઈન્ટરનેશનલ રમતા હતા. એક વર્ષમાં સરેરાશ 33 મેચ હતી અને ટીમ 6 વર્ષમાં સરેરાશ માત્ર 12 મેચ રમી હતી. પછીનાં છ વર્ષમાં, દર વર્ષે મેચની સરેરાશ સંખ્યા વધીને 63 થઈ અને ટીમની સંખ્યા વધીને 21 થઈ.

### પહેલા 12 વર્ષમાં 19 સદી, છેલ્લાં 7 વર્ષમાં 124 સદી થઈ ગઈ, જે દર્શાવે છે કે IPL સફળ જઈ રહી છે

2005 થી 2016 સુધીના 12 વર્ષમાં T20 ફોર્મેટમાં 19 આંતરરાષ્ટ્રીય સદી ફટકારી હતી. તે સમયે સદી ફટકારવી એ પણ મોટી વાત હતી, પરંતુ છેલ્લાં 7 વર્ષમાં આ ફોર્મેટમાં 124 સદી ફટકારવામાં આવી છે. ગ્લેન મેક્સવેલ અને રોહિત શર્માના નામે 5-5 સદી છે, જ્યારે ICCના નંબર-1 T-20 બેટર ભારતના સૂર્યકુમાર યાદવે છેલ્લાં 3 વર્ષમાં 4 સદી ફટકારી છે.



### બોલરોને વધુ વિકેટ મળવા લાગી

T20 ક્રિકેટમાં બોલરોનો ઈકોનોમી રેટ 7 થી 7.5 ની વચ્ચે રહે છે. પરંતુ દર છ વર્ષે બોલરોની સરેરાશ વિકેટના આંકડામાં વધારો થયો છે. 2010 સુધી એક બોલરે સરેરાશ 4 વિકેટ ઝડપી હતી. છેલ્લાં 7 વર્ષમાં એક ખેલાડીની સરેરાશ વિકેટનો આંકડો 7 પર પહોંચી ગયો છે. જેમાં સ્પિન અને પેસ બોલરોને સરેરાશ 9 વિકેટ મળી છે.

### 14 વર્ષમાં 12 બેવડી સદી આવી

IPL પહેલાં 50 ઓવરની ક્રિકેટમાં 150 રન બનાવવી મોટી વાત હતી. પાકિસ્તાનના સઈદ અનવરનો 194 રનનો રેકોર્ડ 12 વર્ષ સુધી તોડી શક્યો નથી. ત્યારપછી 2008માં IPL આવી અને સચિન તેંડુલકરે માત્ર 2 વર્ષ બાદ ODI ક્રિકેટમાં પોતાની પ્રથમ બેવડી સદી ફટકારી. સચિન પછી બેવડી સદી સામાન્ય બાબત બની ગઈ. છેલ્લાં 14 વર્ષમાં 12 વખત બેવડી સદી ફટકારવામાં આવી છે, રોહિત શર્માએ 3 વખત ડબલ સેન્ચુરી બનાવી છે.

# MS ધોનીએ ફરી ચોંકાવ્યા, CSKના કેપ્ટનપદેથી આપ્યું રાજીનામું

## ચેન્નઈએ ઋતુરાજ ગાયકવાડને કેપ્ટન તરીકે જવાબદારી સોંપી

■ ચેન્નઈ

એમએસ ધોનીએ ચેન્નઈ સુપર કિંગ્સના કેપ્ટનપદેથી રાજીનામું આપી દીધું છે. ઋતુરાજ ગાયકવાડ IPL 2024માં ટીમનું નેતૃત્વ કરશે. IPL 2024ની શરૂઆત પહેલાં એમએસ ધોનીએ ઋતુરાજ ગાયકવાડને ચેન્નઈ સુપર કિંગ્સની આગેવાની સોંપી. CSKએ એક નિવેદન જારી કરીને કહ્યું- 'એમએસ ધોનીએ IPL 2024ની શરૂઆત પહેલાં ઋતુરાજ ગાયકવાડને ચેન્નઈ સુપર કિંગ્સની કેપ્ટનશિપ સોંપી દીધી છે. ગાયકવાડ 2019થી ચેન્નઈ સુપર કિંગ્સનો ભાગ છે અને આ સમયગાળા દરમિયાન તેણે IPLમાં 52 મેચ રમી છે. ટીમ આગામી સીઝનની રાહ જોઈ રહી છે. આ પહેલાં એમએસ ધોની, સુરેશ રૈના અને રવીન્દ્ર જાડેજા ટીમની કમાન સંભાળી ચૂક્યા છે. જ્યારે રવીન્દ્ર જાડેજાને કેપ્ટન બનાવવામાં આવ્યો હતો, પરંતુ ટીમના ખરાબ પ્રદર્શનને કારણે જાડેજાએ સીઝનની વચ્ચે જ આગેવાની છોડી દીધી હતી અને ધોનીને કેપ્ટનશિપ લેવી પડી હતી.

### ગાયકવાડને કેપ્ટન કેમ બનાવવામાં આવ્યો?

**CSKને કેપ્ટન તરીકે પાંચ વખત ચેમ્પિયન બનાવી** અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ફાઈનલમાં ગુજરાત ટાઈટન્સને હરાવ્યા બાદ ગયા વર્ષે જીત સહિત 42-વર્ષીય ધોનીએ CSKના કેપ્ટન તરીકે પાંચ IPL ટાઈટલ જીત્યા છે. ટ્રોફી જીત્યા પછી ધોનીએ પુષ્ટિ કરી કે તે IPL 2024 માટે પરત ફરશે. ધોનીએ 250 IPL મેચ રમી છે, જેમાં તેણે 38.79ની એવરેજથી 5,082 રન બનાવ્યા છે.

ગાયકવાડને લાંબા સમયથી ક્રિકેટ વર્તુળોમાં નેતૃત્વ વિકલ્પ તરીકે જોવામાં આવી રહ્યો હતો. જ્યારે તેણે ચેન્નઈ માટે તેની પ્રથમ સીઝન રમી હતી ત્યારે પણ કેટલાક નિષ્ણાતો તેને ભાવિ કેપ્ટન કહી રહ્યા હતા. તે ધોનીની પસંદગી હોવાનું પણ કહેવાય છે. આ સિવાય તે બેટિંગમાં પણ ખૂબ જ સાતત્યપૂર્ણ છે. તેણે 2022 સીઝન સિવાય દર વર્ષે CSK માટે 40થી ઉપરની એવરેજથી રન બનાવ્યા છે. તે ડોમેસ્ટિક ક્રિકેટમાં પણ મહારાષ્ટ્રની કેપ્ટનશિપ કરી રહ્યો છે.

**ધોનીએ 2022માં પણ કેપ્ટનશિપ છોડી દીધી હતી** પૂર્વ ભારતીય કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીએ અગાઉ 2022ની સીઝનમાં પણ કેપ્ટનશિપ છોડી દીધી હતી, ટીમના ખરાબ પ્રદર્શનને કારણે જાડેજાએ સીઝનની વચ્ચે જ આગેવાની છોડી દીધી હતી અને ધોનીને કેપ્ટનશિપ લેવી પડી હતી. આ પછી 2023ની સીઝનમાં ધોનીએ પોતાના નેતૃત્વમાં ચેન્નઈને 5મી વખત ચેમ્પિયન બનાવ્યું હતું.

# કેન્દ્ર સરકારના નિશાના પર વિરોધી-શક્તિશાળી નેતાઓ



## અરવિંદ કેજરીવાલ પહેલા આ મુખ્યમંત્રીઓની પણ થઈ હતી ધરપકડ, અનેક નેતાઓએ આપ્યું હતું રાજીનામું

નવી દિલ્લી: દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની એક ટીમે ગુરુવારે તેમના ઘરેથી ધરપકડ કરી હતી. કેજરીવાલને કોર્ટમાં પણ રજૂ કરવામાં આવ્યા. જ્યાં ઈડીએ તેમના પર સૌથી મોટા આરોપ લગાવ્યા. જોકે અરવિંદ કેજરીવાલ અત્યાર સુધી દેશના એકમાત્ર એવા મુખ્યમંત્રી છે, જે હોદ્દા પર ચાલુ હોવા છતાં તેમની ધરપકડ થઈ છે. આ પહેલા પણ દેશમાં અનેક મુખ્યમંત્રીની ધરપકડ થઈ ચૂકી છે, પરંતુ ત્યારે તેઓ મુખ્યમંત્રી પદે ન હતા.

### કૌભાંડ કે આરોપમાં આ નેતાઓનું પદ પણ ગયું, અમુક નેતા હજુ પણ રાજકારણમાં છે સક્રિય



**હેમંત સોરેન** ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેનની 31 જાન્યુઆરી 2024ના રોજ ધરપકડ કરવામાં આવી હતી. હાલ તે ઈડીની કસ્ટડીમાં છે. તેમના પર જમીન કૌભાંડનો આરોપ છે. જો કે ઈડીની આઠ કલાકની પૂછપરછ બાદ રાજભવન પહોંચીને તેમણે રાજીનામું આપવું પડ્યું હતું. એટલે કે ધરપકડ પહેલા તેમણે રાજીનામું આપી દીધું હતું. ત્યાર પછી ચંપાઈ સોરેને વિધાનસભામાં ફ્લોર ટેસ્ટ જીતીને સરકાર બનાવવાનો દાવો કર્યો હતો. હવે ચંપાઈ સોરેન ઝારખંડનું સુકાન સંભાળી રહ્યા છે.

**જે. જયલલિતા** તમિલનાડુના પૂર્વ મુખ્યમંત્રી જયલલિતા 1991થી 2016 વચ્ચે મુખ્યમંત્રી હતા. 1996માં ભ્રષ્ટાચારના કેસમાં તેમની ધરપકડ કરવામાં આવી હતી. જયલલિતાને 2014માં કોર્ટે દોષિત ઠેરવ્યા હતા. આ પછી તેને જેલમાં જવું પડ્યું. ધરપકડ પહેલા તેણે રાજીનામું આપી દીધું હતું.




**ઉમા ભારતી** ઉમા ભારતીની 2004માં ધરપકડ કરવામાં આવી હતી. તે સમયે તેઓ મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી હતા, પરંતુ ધરપકડ પહેલા તેમણે રાજીનામું આપી દીધું હતું. તેમના પર આરોપ હતો કે, 15 ઓગસ્ટ 1994ના રોજ કર્ણાટકના હુબલી શહેરની એક મસ્જિદ પર તેમણે ધ્વજ ફરકાવ્યો હતો અને આ કારણસર કોમી તોફાનો ફાટી નીકળ્યા હતા. આ ઘટનાના 10 વર્ષ બાદ તેમની ધરપકડ થઈ હતી.



**ઓમ પ્રકાશ ચૌટાલા** આ ઉપરાંત હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી ઓમ પ્રકાશ ચૌટાલાની પણ ધરપકડ કરવામાં આવી હતી. જો કે તે સમયે તેઓ મુખ્યમંત્રી પણ ન હતા. ચૌટાલાને 2013માં શિક્ષક ભરતી કેસમાં દોષિત ઠેરવાયા હતા. આ કેસમાં તેને 10 વર્ષની જેલની સજા ફટકારાઈ હતી, જ્યારે 2022માં તેમને અપ્રમાણસર સંપત્તિના કેસમાં ચાર વર્ષની જેલની સજા કરાઈ હતી.



**લાલુ પ્રસાદ યાદવ** લાલુ પ્રસાદ યાદવ 1990થી 1997 વચ્ચે બિહારના મુખ્યમંત્રી હતા. આ દરમિયાન 30 જુલાઈ 1996ના રોજ તેમની ધરપકડ કરાઈ હતી. આ પહેલા 25 જુલાઈ 1996ના રોજ પટણાની સ્પેશિયલ કોર્ટ દ્વારા ધરપકડ વૉરંટ જારી કરાયું હતું. ત્યાર પછી તેમણે મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપી દીધું હતું. રાજદ નેતા લાલુ પ્રસાદ યાદવને 2013માં ચારા કૌભાંડમાં દોષિત ઠેરવવામાં આવ્યા હતા. તેમના પર પૂર્વ મુખ્યમંત્રી જગન્નાથ મિશ્રા સાથે ઘાસચારા કૌભાંડનો આરોપ હતો.



**ચંદ્રાબાબુ નાયડુ** આંધ્ર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુની પણ ધરપકડ થઈ ચૂકી છે. જો કે ત્યારે તેઓ પણ મુખ્યમંત્રી પદે ન હતા. કૌશલ્ય વિકાસ કૌભાંડમાં તેની ધરપકડ કરાઈ હતી. ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી મધુ કોડા ખાનને પણ જેલ ભેગા થવું પડ્યું હતું.



**બી.એસ. યેદિયુરપ્પા** કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી બી.એસ. યેદિયુરપ્પાની પણ 2011માં જમીન કૌભાંડમાં ધરપકડ કરાઈ હતી. ધરપકડના લગભગ બે મહિના પહેલા જ તેમણે રાજીનામું આપી દીધું હતું. મુખ્યમંત્રીની ધરપકડ કરવા માટે ચોક્કસ કાયદા અને નિયમો છે.

# અમેરિકાએ જાસૂસી માટે ત્રણ સેટેલાઈટ લોન્ચ કર્યા

## આ સેટેલાઈટ અમેરિકન ઈન્ટેલિજન્સને ગુપ્ત માહિતી આપશે

■ વર્જીનિયા

અમેરિકન કંપની રોકેટ લેબે ગુરુવારે 12.55 કલાકે વર્જિનિયાથી જાસૂસી માટે તૈયાર કરાયેલા ત્રણ ઉપગ્રહોને ઈલેક્ટ્રોન રોકેટ વડે લોન્ચ કર્યા હતા. આ મિશનનું નામ NROL-123 છે. કંપની તેને લાઈવ એન્ડ લેટ ફ્લાય પણ કહે છે.આ 5મું મિશન હતું જે રોકેટ લેબે નેશનલ રિકોનિસન્સ ઓફિસ એટલે કે NRO માટે શરૂ કર્યું હતું. અન્ય ચાર ન્યૂઝીલેન્ડના કંપનીના લોન્ચ કોમ્પ્લેક્સ 1 થી લોન્ચ કરવામાં આવ્યા હતા. નેશનલ રિકોનિસન્સ ઑફિસ એ યુએસ સરકારી એજન્સી છે જે ગુપ્તચર ઉપગ્રહોની ડિઝાઈન, નિર્માણ, પ્રક્ષેપણ અને જાળવણી કરે છે. 1960માં તેણે પહેલો જાસૂસી ઉપગ્રહ કોરોના લોન્ચ કર્યો હતો. જાહેરમાં ઉપલબ્ધ કરવામાં આવી છે. તેના લાઈવ લોન્ચિંગ દરમિયાન પેલોડના કોઈ ક્લોઝ અપ શોટની મંજૂરી આપવામાં આવી ન હતી.




## NEWS FILE

### અરુણાચલ પ્રદેશ મામલે ચીનની USએ હવા કાઢી નાંખી





વોશિંગ્ટનઃ પીએમ મોદીએ તાજેતરમાં અરુણાચલ પ્રદેશની મુલાકાત લીધી તો ચીનને ભારે બળતરા ઉપડી હતી. ચીને આ મુલાકાતનો વિરોધ કરીને અરુણાચલ પ્રદેશને પોતાનો હિસ્સો ગણાવ્યો હતો. જોકે ચીનના ઘા પર હવે અમેરિકાએ મીઠું ભભરાવવાનુ કામ કર્યુ છે. અમેરિકાની સરકારના પ્રવક્તા વેદાંત પટેલે સોઈ ઝાટકીને કહ્યુ છે કે, અરુણાચલ પ્રદેશ ભારતનો હિસ્સો હોવાનુ અમેરિકા સ્વીકારે છે અને ભારત તેમજ ચીન વચ્ચેની લાઈન ઓફ એક્ચ્યુલ કંટ્રોલ પર સૈન્ય કાર્યવાહી થકી અથવા તો બીજા કોઈ પ્રયાસો થકી ઘૂસણખોરી કરીને આ વિસ્તાર પર દાવો કરવાના એક તરફી પ્રયાસનો વિરોધ કરે છે.

### AAPએ પૈસાનો ઉપયોગ ગોવાની ચૂંટણીમાં કર્યો:ED

લીકર પોલિસી કેસમાં EDએ શુક્રવારે બપોરે 2 વાગ્યે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને રાઉસ એવન્યુ કોર્ટમાં રજૂ કર્યા હતા. તેમના રિમાન્ડ પર સુનાવણી શરૂ કરવામાં આવી. EDએ કોર્ટમાં 28 પાનાની દલીલો રજૂ કરી છે. તપાસ એજન્સીએ 10 દિવસના રિમાન્ડની માંગણી કરી છે. સાથે જ, સીએમને આ મામલે માસ્ટરમાઈન્ડ પણ કહ્યા. EDએ કહ્યું કે કેજરીવાલ દિલ્હી લિકર પોલિસી ઘડવામાં સીધા સામેલ હતા. બે વખત રોકડ ટ્રાન્સફર કરવામાં આવી હતી. પહેલા રૂપિયા 10 કરોડ અને પછી રૂપિયા 15 કરોડ આપવામાં આવ્યા.

### PM મોદીને ભૂતાનનું સર્વોચ્ચ નાગરિક સન્માન એનાયત



ભૂતાનઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસીય ભૂટાનની મુલાકાતે ગયા. આ દરમિયાન, શુક્રવારે ભૂટાનના રાજા જિગ્મે વાંગચુકે વડાપ્રધાન મોદીને સર્વોચ્ચ 'ઓર્ડર ઓફ ડ્રુક ગ્યાલપો' એવોર્ડથી સન્માનિત કર્યા હતા. મોદીએ કહ્યું કે તેઓ આ સન્માન 140 કરોડ ભારતીયોને સમર્પિત કરે છે. PM મોદીએ કહ્યું, "એક ભારતીય તરીકે મારા જીવનનો આજનો દિવસ ખુબ મહત્વનો છે. તમે મને ભૂટાનના સર્વોચ્ચ રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત કર્યો છે. દરેક એવોર્ડ વિશેષ હોય છે, પરંતુ જ્યારે કોઈ બીજા દેશ તરફથી એવોર્ડ મળે છે ત્યારે એવું લાગે છે કે આપણે બંને દેશ સાચી દિશામાં આગળ વધી રહ્યા છીએ.

# ઉનાળા પહેલા ડરામણો રિપોર્ટ

## ભારતની મુખ્ય નદીઓ પર ક્લાઈમેટ ચેન્જનો ખતરો, 1 અબજ લોકોનું જીવન સંકટમાં મૂકાયું, પાણી વિના કેવી રીતે જીવવું?

### ગંગા, સિંધુ અને બ્રહ્મપુત્રા નદી એશિયાની મુખ્ય નદી

■ નવી દિલ્લી

ક્લાઈમેટ ચેન્જ સાથે સંબંધિત એક ડરામણો રિપોર્ટ સામે આવ્યો છે. જેમાં જણાવાયું છે કે ગંગા, સિંધુ અને બ્રહ્મપુત્ર સહિત દક્ષિણ એશિયાની મુખ્ય નદીઓ પર ક્લાઈમેટ ચેન્જની ઘાતક અસર થવાની છે. માનવીની પ્રવૃત્તિઓ અને ક્લાઈમેટ પેટર્નમાં ફેરફાર થવાને લીધે તેની આજુબાજુના વિસ્તારોમાં લગભગ એક અબજ લોકોએ ગંભીર પરિણામો ભોગવવા પડી શકે છે. હાઈવેટિંગ રિવર બેસિન ગવર્નેન્સ એન્ડ કોઓપરેશન ઈન ધ એચકેએચ રિજન રિપોર્ટમાં ત્રણેય નદીઓ ગંગા, સિંધુ અને બ્રહ્મપુત્ર પર નદીના બેસિન મેનેજમેન્ટ માટે ક્લાઈમેટ અંગે ફ્લેક્સિબલ દૃષ્ટિકોણની જરૂર છે. હિંદુ કુશ હિમાલય દક્ષિણ એશિયા અને દક્ષિણ પૂર્વ એશિયાના અમુક ભાગોના ફ્રેશ પ્રાણીના સ્ત્રોત છે. તેનું બરફ, ગ્લેશિયરો અને વરસાદથી આવતું પાણી એશિયાની 10 સૌથી મોટી રિવર સિસ્ટમને મદદ કરે છે.

### સીવેજ અને ઔદ્યોગિક કચરો લોકો માટે જીવલેણ બની રહ્યો છે

**ગંગાનું 60 કરોડ લોકો માટે મહત્ત્વ**

સામાન્ય રીતે ભારતમાં રહેતા 60 કરોડથી વધુ લોકો માટે પવિત્ર અને જરૂરી મનાતી ગંગા બેસિન વધતાં પર્યાવરણીય ખતરાનો સામનો કરી રહી છે. ઝડપથી ઔદ્યોગિકરણ, શહેરીકરણ અને ખેતીની બદલાતી પદ્ધતિઓએ નદીના પારિસ્થિતિક સ્વાસ્થ્ય પર પ્રતિકૂળ અસર કરી છે.

રિપોર્ટમાં એ વાત ઉપર પણ ભાર મૂકાયો છે કે સીવેજ અને ઔદ્યોગિક કચરો અંધાધૂંધ રીતે ઠલવાતા પાણી ગંભીર રીતે પ્રદૂષિત થયું છે. તેના લીધે લોકોના સ્વાસ્થ્ય અને પર્યાવરણ બંને માટે ખતરો પેદા થયો છે. આ પ્રવૃત્તિઓની સાથે સાથે ક્લાઈમેટ ચેન્જની અસર, ખાસ કરીને વધતી જતી પૂરની ઘટનાઓ અને દુષ્કાળ ચિંતા વધારી રહ્યા છે.

**વિનાશકારી મોનસૂને અનેક પડકાર ઊભા કર્યા** રિપોર્ટમાં કહેવાયું છે કે જળ સંસાધનોની ભરપાઈ માટે મહત્ત્વપૂર્ણ સ્ત્રોત મોનસૂનની ઋતુ હવે વધુ ખતરનાક પૂરની સ્થિતિ સર્જે છે. ક્લાઈમેટ સંબંધિત આ ખતરા મહિલાઓ, વિકલાંગ લોકો અને હાંસિયામાં ધકેલા સમુદાયો સહિત નબળાં વર્ગોને પ્રભાવિત કરે છે. આ રીતે પાકિસ્તાન, ભારત, અફઘાન અને ચીનના 268 મિલિયનથી વધુ લોકો માટે લાઈફલાઈન સમાન સિંધુ નદી ક્લાઈમેટ ચેન્જના કારણે ભયાનક સંકટમાં છે.